## પ્રકરણ : ૫

# સિદ્ધહસ્ત ગુજરાતી નવલકથાકારોની અખબારી નવલકથાઓ

# પ્રકરણ : ૫
# સિદ્ધહસ્ત ગુજરાતી નવલકથાકારોની
# અખબારી નવલકથાઓ

**ભૂમિકા :-**

આ નવલકથાઓનું બંધારણ એ રીતે થવું જોઈએ (મોટાભાગે થયેલું જ હોય છે પરંતુ પ્રતિબદ્ધતા પ્રત્યે સર્જકે સાવધ રહીને કામ પાર પાડવાનું છે એ તો ચોક્કસ) કેમ કે આવી નવલકથાનો વાચક વર્ગ સમાજનો નાનો વર્ગ પણ છે. (આમ તો નવલકથાઓના વિષય વસ્તુ એ રીતે પસંદ કરાયા હોય છે કે એમાં આવા નાના વાચક વર્ગને નજર અંદાજ કરવામાં આવે છે અને એની અંગત રૂચિનો ખ્યાલ કરવામાં આવતો નથી.) આવી જે ફરિયાદ હતી આપણી પરંપરાગત નવલકથાઓના સંદર્ભે તે આ નવલકથાએ તોડી નાખી છે. નવલ કથાના ઘટક તત્વોનું મિશ્રણ કથાકારો એ રીતે કરે છે કે તે વાંચવા વાચક ખેંચાય છે. અને એ રીતે આવી નવલકથાઓ લોકપ્રિય બની છે.

અખબારી નવલકથાઓનો સર્જક હંમેશા ભાવુકતામાં જ રાચવાનું પસંદ કરે છે અને વાચકોને ઉત્તેજે છે એની સાથે સાથે વાચકને પણ નાયક બનાવવા તરફ એની નીતિ હોય છે. એને સ્વપ્ન સેવી બનાવે છે. સિગ્મન્ડ ફ્રોઈડનો ઈચ્છાતૃપ્તિ તરીકે કળા વિષય સિદ્ધાંત સૌથી વિશેષ આ પ્રકારની કૃતિઓને લાગુ પડે છે. સૌથી વધારે આ પ્રકારની નવલોમાં જાસૂસી કે થ્રીલર પ્રકારની નવલો હોય તો એનો નાયક કેવું કાર્ય કરે છે તે જોઈએ તો કાં તો નાયક રોબિન હૂડ પ્રકારનો હોય અથવા ડિટેકટીવ હોય. અખબારી નવલકથામાં કથાકાર વાચકને આંચકા આપવા માગે છે અને નવા પ્રદેશોની સફર કરાવવાનું તે ચૂકતો નથી. અને એમાં એની સફળતાનો ખાસ આધાર રહેલો છે. પ્રણય દશ્યો પણ એ સંયમ બહાર જઈ કયારેક આલેખે છે. એ પણ વાચક વર્ગનું એક પાસું છે. એને જકડી રાખવાનું એ પણ એક તત્વ છે, જે અનિવાર્ય છે.

આ નવલકથાઓની વિશેષતા એ પણ છે કે નવલકથાનું જે માળખું તૈયાર થયું હોય તે જ માળખું બીજી નવલકથામાં વપરાય તો પણ નવલકથા એની પકડ ગુમાવતી નથી. આપણો નવલ કથાકાર સાંકડા સહાનુભૂતિ જગતમાં પણ અખબારી નવલોના સર્જકોમાં આ વાત મહદઅંશે ખોટી ઠરે છે.

એ તો નવલ વાંચવાથી પ્રતિત  થાય જ છે.

રહસ્ય, ઘટના પર ઘટના અને સનસનાટી એ આવી નવલકથાઓનું જમા પાસું છે. તેણે સમયના લાંબા પટ પર (બે વર્ષ કે તેથી વધુ) કામ પાર પાડવાનું છે. એટલે એ અનિવાર્ય પણ છે. આ નવલ કથાઓમાં જે સર્જકોએ પોતાનું યોગદાન આપ્યું છે તે સર્જકોને એમની કૃતિઓ દ્વારા તપાસી આવા પ્રકારની નવલોમાં દાખવેલી એમની સૌંદર્ય દષ્ટિ અને પ્રતિબદ્ધતા વિશે વાત કરીએ.

ગુજરાતી સાહિત્યના સિદ્ધહસ્ત કે જેમણે સાહિત્યના ઈતિહાસમાં ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું છે એવા લેખકોએ પણ એકાદ - બે ધારાવાહિક અખબારી નવલકથાઓ રચી છે, એમાંથી પસંદ કરીને અહીં એવા નવલકથાકારોની અખબારી નવલકથાનું મૂલ્યાંકન રજૂ કર્યું છે. એવા સર્જકની એક અખબારી નવલકથાને પસંદ કરી એનું અવલોકન કરી તપાસ કરવાનો પ્રયત્ન કર્યો છે.

### ઝવેરચંદ મેઘાણી કૃત

### “સોરઠ તારાં વહેતાં પાણી”

ઝવેરચંદ મેઘાણીની પ્રતિભા ભલે લોક સાહિત્યકાર અને સંપાદક તરીકેની હોય પણ તેમણે કથા સર્જનમાં પણ અદ્‌ભૂત કહી શકાય એવું કાર્ય કર્યું છે. ઝવેરચંદ મેઘાણી લોકોનાં સર્જક  છે. ધરાના સાહિત્યકાર છે.

‘નિરંજન’ (૧૯૩૬), ‘સોરઠ તારાં વહેતાં પાણી’ (૧૯૩૭), ‘વેવિશાળ’ (૧૯૩૯), ‘તુલસી ક્યારો’ (૧૯૪૦), ‘પ્રભુ પધાર્યા’ (૧૯૪૩),  ‘કાળચક્ર’ (૧૯૪૭), ‘સમરાંગણ’ (૧૯૩૮), ‘રા’ગંગાજળિયા’ (૧૯૩૯), ‘ગુજરાતનો જય’ (૧૯૩૯). આમાંથી ‘સોરઠ તારાં વહેતાં પાણી’ અખબારી ધારાવાહી નવલકથા માટે નોંધનીય ગણી શકાય. આ નવલકથા ઝવેરચંદ મેઘાણીની સ્વઓળખ સ્થાપિત કરે છે.

ઝવેરચંદ મેઘાણીની ‘સોરઠ તારાં વહેતાં પાણી’ ‘જન્મભૂમિ’માં ૧૯૩૭ દરમ્યાન પ્રગટ થઈ હતી.  તેમની ‘તુલસી કયારો’ જેવી સામાજિક નવલકથા ‘ફૂલછાબ’માં પ્રગટ થઈ હતી. ‘સોરઠ તારાં વહેતાં પાણી’ના કથા સર્જનમાં મેઘાણીએ ઘણાં પડકારો ઝીલ્યાં છે. જાનપદીથી માંડીને પરંપરાગત વાર્તાથી ઊફરા ઊઠવાના પડકારો છે. ‘સોરઠ તારાં વહેતાં પાણી’ ઝવેરચંદ મેઘાણીની સોરઠી જીવનની વાતાવરણ પ્રધાન નવલકથા છે. જાનપદી નવલકથાની સર્જન પ્રક્રિયામાં ઉભા

થતાં કથનાત્મકતા અંગેના અને કથા ભાષા અંગેના પડકારોને મેઘાણી સરળતાથી પાર કરી ગયા છે.

ચંદ્રકાંત ટોપીવાળા કહે છે કે - ''નાયક નહિ, નાયિકા નહીં, પ્રેમનો ત્રિકોણ નહિ' એવી આ કથામાં નાયક આમ, તો જનસમાજ છે.''[1]

એક આખા સમાજની કથા કહેવી અને તે પણ આવી સ-રસ રીતે તેમાં સર્જકની વિશેષ પ્રતિભા પ્રસ્તુત થાય છે. 'સોરઠ તારાં વહેતાં પાણી' નવલકથામાં કેટલીક જીવતી વ્યકિતઓની છાયા અહીં પાત્રો પર પડેલી છે, પરંતુ એકંદરે ઐતિહાસિકતા, સામાજિકતા અને તળપદાપણાને સંયોજીત કરી વાતાવરણને ઉપસાવવાનો પ્રયત્ન જ પ્રમુખ રહ્યો છે. માય ડિયર જયુ લખે છે કે ''મેઘાણીએ બે પડકારો ઝીલ્યા છે. એક પરંપરાગત કથા સર્જનથી ચીલો ચાતરીને અનોખી કથા સંરચના કરી છે. અને બીજું, સોરઠી જીવનનું ચિત્ર ઉપસે એવી શુદ્ધ જાનપદી નવલકથા સર્જી છે.''[2]

ઈડરના બ્રાહ્મણ મહીપતરામની ભેખડગઢમાં થયેલી નિમણૂંકથી શરૂ થઈ આગળ વધતી તે છેવટે એના દૌહિત્રથી અંત સુધી પહોંચતી આ કથાનું વસ્તુ વિધાન પાંખું છે. છતાં ગોરાતાં દમન અને દરબારોના જુલમ વચ્ચે જીવતી પ્રજાની આંતરબાહ્ય જીવનરીતિ અને એનું રાચરચીલું રંગદર્શી શૈલીમાં રસ જમાવે છે. લેખક કહે છે - ''આ કથા મેં ઈતિહાસ કથા તેને જ આલેખી છે. એ ઈતિહાસ વ્યકિતઓનો છે અને નથી એ, પણ સમષ્ટિનો ઈતિહાસ તો એ છે જ છે.''[3]

વિગતો કરતાં પણ વાતાવરણની જરૂર ઈતિહાસમાં વિશેષ છે. એવા અભિનય સાથેનો જનસમૂહનો એવો ઈતિહાસ લોકકથાનાં ઘટકોના સંયોજનથી અહીં જીવંત બન્યો છે.

આ કાળના રાજસ્થાનથી કાઠિયાવાડ સુધીના પટ્ટામાં બનેલા કેસરિયા અને જૌહરના બોલતા પાળિયાઓને યુરોપિયનો ફાટી આંખે સાંભળી રહેતા. શૌર્ય એ પ્રજાનો જીવનમંત્ર હતો, ધીંગાણું એ આ પ્રજાનો જીવનમંત્ર હતો. પ્રેમ એ આ પ્રજાનું જીવન ધ્યેય હતું, અને ચોક્કસ સાંસ્કૃતિક મૂલ્યોનું જતન એ આ પ્રજાનો રોજીંદો જીવન વ્યવહાર હતો. વિક્રમપુરના ઠાકોર, દરબાર ગોદડવાળા અને સુરેન્દ્રદેવજી તથા ગોરા શાસન દ્વારા એક પ્રકારનું સ્થાનક રચાય છે. તો વાઘજી ફોજદાર, મહીપતરામ અને પિનાકી દ્વારા બીજા પ્રકારનું કથાનક રચાય છે. સિપારણનાં જીવન પલટાઓ અને લખમણનો જીવન પલટો વળી એમાં ઓર રંગ પૂરે છે.

જયંત પાઠક કહે છે કે ''વાસ્તવની રોમાંચકતા જ આ નવલનો આસ્વાદ્ય અંશ છે.''[4]

સર્જન પ્રક્રિયામાં મેઘાણીએ આ કથા રચવામાં ભાવક પર બે બાજુથી મારો ચલાવ્યો છે. સર્જક તરીકે તાદશ્ય ચિત્રો ખડા કરવાનો બેજોડ કસબ અને એના સમસંવેદનરૂપ પિનાકીનું પાત્રાલેખન નવલકથાની સફળતાનાં આ બે મુખ્ય અને જીવંત અંગો છે.

પ્રમોદકુમાર પટેલ તો લખે છે કે - ''સોરઠની ભૂમિના કોતરો, નદીનાળાં, સીમાડા, ઝાંખરવાડી, વગડા, ખંડિયેર, થાણા, બજાર- એ બધાં કોઈક રોમાંચક પરિવેશમાં વીંટળાયેલાં રજૂ થાય છે અને સોરઠની ભૂમિના આધિન ધબકાર જોડે અનુસંધાન થાય છે.''[૫]

''અવાવરૂં જેવાં સ્ટેશનના વર્ણનથી કથાનો આરંભ થાય છે ત્યારથી લેખકની વર્ણનશકિતના ચમકારા થવા લાગે છે. ''ભાંગેલી જૂની દોરી, કલાલનું પીઠું, ફલાણાની પાંચ દુકાનો, લીંબડીયા બજરંગ, ઠાકરદ્વાર અને પંદરેક ખંડેરિયોનાં અધઉભાં ભીંતડાં પાર કરીને નવા અધિકારીએ થાણાની થાણાદારી ગેટના ત્રણ પહેરગીરોની તથા એક નાયકની ગાટ ટંચન..... એવા બોલથી ગાજતી સંભાળી લીધી..... ''[૬]

આવાં જીવંત સ્થળ વર્ણનો, પાત્ર વર્ણનો, પ્રસંગ વર્ણનો કથાને તાદશ્ય બનાવે છે.

મહીપતરાયનું કથાનક, રૂપક શેઠ અને સિપારણનું કથાનક, દેવુબાનું કથાનક, લક્ષ્મણનું કથાનક, સુરેન્દ્ર દેવ અને નવા ખેડુનું કથાનક, પુષ્પાનું કથાનક, પિનાકી સાથે સંકળાયેલું હોવા છતાં ભાવક પિનાકી સમેત સમગ્ર કથાના વાતાવરણમાં, ઓતપ્રોત થતો જાય છે તેમાં મેઘાણીની તાદૃશ્યીકરણની કથા કારણભૂત છે.

આ પ્રકારની ભાષા - વર્ણનો - સંવાદો કથાને ધારાવાહિકની સાથે .... સાથે ઉત્કૃષ્ટ કલાત્મક બનાવે છે.

''ઝાડુ કરેલા કચરાના જુદા જુદા ઢગલાઓને સળગાવતા ભંગી જેવો શિયાળાનો સૂરજ આભનાં ભૂખરાં વાદળાંને આગ ભૂકતો ઊંચે ચડતો હતો.''[૭]

★★★

''આભનાં ચાંદરણાં, કોઈ મધપૂડા ઉપર ચોંટી પતંગિયાં જેવા, આંખો ફટફટાવતાં હતાં.''[૮]

★★★

ટૂંકમાં, ઝવેરચંદ મેઘાણીની આ નવલકથા જાનપદી નવલકથા જ નથી પરંતુ ધારાવાહિક

નવલકથા પણ છે તે સાથે - સાથે શિષ્ટ સાહિત્યમાં સ્થાન પામી ઊંચાઈઓ સર કરનારી કલાત્મક કૃતિ પણ છે.

જોઈ શકાશે કે મેઘાણીની પ્રથમ નવલકથા 'નિરંજન' પણ અખબારી નવલ જ છે. પરંતુ અહીં જાણીતી નવલ લીધી છે. મૂળે તો માણસનો માણસમાં રહેલો રસ જ કદાચ નવલકથાનું પ્રેરકબળ છે. પોતાના કે પારકાંના જીવનમાં બનતી ઘટનાઓ અને તેના પરિણામોથી માણસ માત્ર ઉપર અસર થાય છે. એ અસરથી દ્રવિત થયેલું કોઈ સર્જક. ચિત્ત અમુક ચોક્કસ ઘાટની રચના દ્વારા રસની સૃષ્ટિ કહે છે. એ સૃષ્ટિમાંથી પસાર થનાર વાચક વર્ગ રસાનુભવ કરે છે - એ રીતે જોતાં આ નવલકથા એક મહત્વાકાંક્ષી નવલ છે. એનાં વિલક્ષણ વસ્તુ અને વિશિષ્ટ રજૂઆતને કારણે નોંધપાત્ર ઠરે છે અને નવલ કથાના વિકાસમાં પણ એક સીમાચિહ્નરૂપ નવલ તરીકે મૂલ્યવાન ફાળો છે. સમાજ જીવનનાં ઘણાં બધા અંશો અહીં જોવા મળે છે. ઘટના, પ્રસંગ કે પાત્રના વર્ણનોમાં મેઘાણીની શૈલીએ સારી સફળતા પ્રાપ્ત કરી છે. વાર્તારસ જમાવવા માટે ઝીણામાં ઝીણી વિગતોનું ચિત્રાત્મક આલેખન કરવાનું તે ચૂકતા નથી. આ કાર્ય બારીક અવલોકન વિના શકય જ નથી. એ જોઈ શકાય છે.

### (૨) મનુભાઈ પંચોળી કૃત - 'સોક્રેટિસ'

મનુભાઈ પંચોળી ગુજરાતી શિષ્ટ સાહિત્યધારાના એક પ્રતિષ્ઠિત લેખક છે. અખબારી ધારાવાહિક નવલકથાની પરંપરામાં તેમણે કેટલુંક કામ કર્યું છે, જેમાં 'સોક્રેટીસ' જેવી ઉત્તમ કૃતિનો સમાવેશ થાય છે. આ કૃતિને તેમણે હપ્તાવાર પ્રસિદ્ધ કરી હતી. 'સોક્રેટીસ' એક અદના ચિંતકની કથા છે.

મનુભાઈ પંચોળીનું નવલકથા લેખન જોઈએ તો તેમણે - 'બંદીઘર' (૧૯૩૫), 'બંધન અને મુક્તિ' (૧૯૩૯), 'દીપનિર્વાણ' (૧૯૪૪), 'ઝેર તો પીધાં છે જાણી જાણી' (૧૯૫૨), 'સોક્રેટીસ' (૧૯૭૪) વગેરેનું સર્જન કરીને યશસ્વી થયા છે.

'સોક્રેટીસ' નવલકથા 'જન્મભૂમિ'માં ધારાવાહિક સ્વરૂપે પ્રસિદ્ધ થઈ ચૂકી છે. મનુભાઈ પંચોળીની પ્રતિષ્ઠામાં આ કૃતિનો ઘણો ફાળો છે.

સાહિત્ય અકાદમી દિલ્હીએ શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક'ને તેમની આ નવલકથાને ગુજરાતી

ભાષાની ૧૯૭૫ ના વર્ષની સર્વોત્તમ નવલકથા તરીકે લેખી પુરસ્કાર અર્પણ કર્યો હતો.

'સોક્રેટીસ' એ પુરી દુનિયાનું એક જાણીતું પાત્ર છે. આજથી ૨૩ શતક પૂર્વે ગ્રીસમાં થઈ ગયેલા અને પોતાના વિશ્વજીત વ્યક્તિત્વને કારણે તથા અમરત્ત્વ બક્ષતા એના મૃત્યુને કારણે મનુષ્ય જાતિના સત્યજીત સમાજના હૃદયમાં અચલ પ્રતિષ્ઠ એવા સોક્રેટિસની વાત અહીં નિરૂપાઈ છે. સોક્રેટીસને ઝેર પાઈને મારી નંખાયા હતા એ ઘટનાને કથાનક તરીકે લઈને લેખકે એવું રસપ્રદ નવલકથાનું સર્જન કર્યું છે.

કૃતિના સર્જન પાછળના પોતાના હેતુ વિશે તેઓ જણાવે છે, ''સોક્રેટીસને આપણા આ કથળાયેલા સમયમાં આપણી વચ્ચે હરતો ફરતો કરવો એ મારો મૂળ હેતુ છે.''[૯]

સોક્રેટીસને અવસાન પામે ઘણાં વર્ષો થઈ ગયાં પરંતુ મનુભાઈ પંચોળીની આ નવલકથા તેને જીવંત હરતો ફરતો દર્શાવે છે. ભાવક સોક્રેટીસને અનુભવી શકે છે.

આ નવલકથામાં મુખ્ય તો ત્રણ ઘટકો નજરે પડે છે.

(૧) ૨૩ શતક પૂર્વેના એથેન્સ અને ગ્રીસની ભાવિ નિર્ણાયક ઘટના પરંપરાનું ઈતિહાસ સંદર્ભગત સરસ આલેખન છે.

(૨) એસ્પોશિથાની પુત્રી મીડિયા અને સેનેટસના એપોલોડોરસની પ્રણય કથા છે.

(૩) કથાનાયક સોક્રેટીસ, જેઓ તે સમસ્ત યુગ ઉપર આકાશની જેમ છવાઈ ગયા હતા. તેમના જીવનનું નિરૂપણ છે.

સોક્રેટીસ એક જીવન ચરિત્ર છે કારણ કે સોક્રેટીસ મહાપુરૂષ લેખે આદર્શીકરણ પામેલા છે, પણ ચરિત્રને નવલકથારૂપ આપવામાં લેખકની સૂઝ પ્રગટ થઈ છે. કૃષ્ણધીર દિક્ષીત લખે છે કે - ''ત્રણે ઘટકોની માવજત પૂર્ણપણે કલાત્મક અને રસાત્મક છે. લેખકની સર્જક પ્રતિભાની તે અંચિકિરૂપ છે.''[૧૦]

એક ધારાવાહિક સ્વરૂપે રજૂ થયેલ આ કૃતિમાં ત્રણ પરિબળો કામ કરે છે. (૧) મહાન હસ્તીનું જીવન ચરિત્ર (૨) મનુભાઈ પંચોળી જેવા સિદ્ધહસ્ત સર્જકની સર્જકતા અને (૩) વિચાર - ચિંતન અને ફિલોસોફીની સત્વશીલતા. આ ત્રણ કારણો મહાન કૃતિનું સર્જન કરે છે.

એથેન્સના આકાશમાં થતી ગાજવીજ અને વાદળોના નાટારંભના નિર્દેશથી કથાનો નાટ્યાત્મક

ઉઘાડ થાય છે, અને સંકેતરૂપ ગણી શકાય. લોકશાહીની ભવ્ય ઈમારતને ઉન્મૂલિત કરવાની કુચેષ્ટા થાય છે. સોક્રેટીસ ઝઝૂમે છે. આ છે કથાની આંતરકથા. કથા ધીમે ધીમે રંગ પકડતી જાય છે. સોક્રેટીસનું પાત્ર પરિવેશ વચ્ચે ઊભું થાય છે. એથેન્સનું સ્થળ - કાળ - સમય સંદર્ભે અને પાત્ર માનસિકતા ઊભાં થાય છે. અંતે કથા એક સફળ જીવનકથાના રૂપમાં ઉપસી આવે છે.

સોક્રેટીસ સમાજના સ્વાર્થ લોલુપ શ્રીમાનોને આકરા થઈ પડયા. ખુદ સોક્રેટીસ પોતે પણ એવો અળખામણો થઈ પડયો કે એની સત્યપ્રીતિ, ન્યાયપરાયણતા અને માનવધર્મ સર્વ પ્રત્યે અંધ બનેલા ન્યાયાધીશોએ લોકલાગણીના પ્રચંડ જુવાળ આગળ નમતું જોખી ન્યાયની વિડંબના થવા દઈ એને વિષપાનની સજા ફરમાવી.

લોકપ્રિય એવા વિષય પર કથાને રજૂ કરવાનું સાહસ જેવું તેવું નથી. એમાંય વળી નવી રીતે સમગ્ર કૃતિને રજૂ કરવી એ પડકાર મનુભાઈ પંચોળી જેવા જ ઉપાડી શકે.

વાચકપક્ષે આખો ઈતિહાસ રસ છે, એમાં એપોલોડોરસ અને મીડિયાની પ્રણયકથાનો રસ ભળે છે. મીડિયા આમ તો ક્રિષ્ટો અને એસ્પેશિયાની પુત્રી હતી. પરંતુ તેથી વિશેષ તો સોક્રેટીસની માનસપુત્રી હતી. એપોલોડોરસ અને મીડિયા બંને લેખકનાં કલ્પિત પાત્રો છે. પરંતુ એ બંને દ્વારા તથા એસ્પેશિયા અને અન્ય પાત્રો દ્વારા સોક્રેટીસના શીલવાન વ્યકિતત્વનો સાત્વિક પરિચય આપે છે.

'સોક્રેટીસ' એક સાથે ચાર પ્રકારનાં તત્વોથી રચાયેલી છે. (૧) ઈતિહાસ (૨) સાહિત્ય (૩) ચિંતન (૪) કલા. જે કૃતિમાંથી આ ચાર તત્વો પ્રગટ થતાં હોય એ કૃતિ મહાન બને એમાં કોઈ શંકા નથી.

પ્રસંગરૂપે અહીં કૃતિમાં આવતી કુળવધૂઓના જીવનમાં સુખ, શાંતિ, આહ્લાદક્તા અને પ્રસન્નતા નિર્માણ કરવાની પ્રવૃત્તિ ચલાવી એસ્પેશિયાને મળ્યા પછી સોક્રેટીસના ચિત્તમાં એનું જે ચિત્ર અંકાય છે તેમાં તેના વ્યકિતત્વનો અને તેની મર્યાદાનો બંનેનો સરસ ખ્યાલ આવે છે. સોક્રેટીસ એસ્પેશિયાના ઘર તરફ જતાં ગણ ગણે છે "લાવણ્ય તો એ હીમની હવા છે, જ્ઞાન તેનો પ્રકાશ એ શીલ તેની કઠણ ધરતી છે. મૈત્રીના જળથી તે વીંટળાયો છે. વૈદુર્યમણિ જેવો આ દેખાય છે અને વળી વાસનાના વાદળાં આડે ઢંકાઈ જાય છે."

ટૂંકમાં આ કથામાં સંઘર્ષ - વાસના - સંવેદના - પરોપકાર - સમજણ - ક્રૂરતા - શોષણ બધું

જ છે.

સોક્રેટીસ ઉત્તમ છે. તેમની ઉકિતઓ જુઓ - ''આત્મ વિવેચન વિનાનું જીવન વ્યર્થ છે. અહીં જ સ્વર્ગાનુભવ કરવાનો છે.''

''અંતકાર્યમાં તર્ક કરીને તેમને તર્કહીન લાગે છે. જ્ઞાન એ જીવનજલ છે. તેના વિના સુખ અનુભવવું તે અશકય છે.''

ધારાવાહિક અખબારી નવલકથા તરીકેની આ કૃતિની ભૂમિકા નહીંવત છે. કારણ કે તે પછી આ કૃતિએ ઘણી લાંબી મજલ કાપી છે. શિષ્ટ સાહિત્યની પરંપરામાં પોતાનું નામ અંકિત કર્યું છે. તેથી તેને લોકપ્રિયતાની સાથે સાથે વસ્તુપ્રિયતા પણ પ્રાપ્ત થઈ છે.

'દર્શક' ઉપનામથી જાણીતા આ સર્જક શિષ્ટ સાહિત્યધારાના એક પ્રસિદ્ધ નવલકથાકાર છે. દર્શકની નવલકથાઓ ગુજરાતી સાહિત્યમાં વિશાળપટ પર સમાજ દર્શન અને માનવીનું દર્શન કરાવે છે. એમની આ નવલકથામાં આ વસ્તુ તત્વચિંતનના પાયા પર આલેખાયું છે. નવલકથા સ્વરૂપની ઉત્ક્રાંતિ પર દષ્ટિપાત કરનાર એક વાત તો તરત સમજી શકાય છે કે આ સ્વરૂપની મથરાવટી પહેલેથી મેલી રહી છે. અહીં તેની વિગતોમાં ના પડીએ તો પણ આપણાં સમાજમાં ને વાચક વર્ગમાં પહેલેથી જ આ સ્વરૂપના પ્રકારમાં ધારાવાહી સ્વરૂપે લખાતો અને રોમાન્સના ઢાંચાનો ઉપયોગ કરતો નવલકથા પ્રકાર સૌથી વધારે લોકપ્રિય રહ્યો છે. જગતની કેટલીક ઉત્તમ નવલકથાઓ ધારાવાહીરૂપે લખાઈ છે. એ કબૂલ કરીએ તો પણ આ પ્રકારની નવલકથાઓમાં વાચકવર્ગની રૂચિને પંપાળવામાં આવે છે. દર્શકની બાબતમાં આવું બનવા નથી પામ્યું. કદાચ કોઈને એમ લાગે પણ દર્શક ભાવકવર્ગને ઓળખે છે તેથી એવી ભૂલ કરે નહીં. એમણે અહીં ઈતિહાસના મહાન તત્વચિંતકને કેન્દ્રમાં રાખીને સમકાલીન સમાજમાં કેળવણીકાર તરીકે રહીને લખી છે. એ રીતે પણ આ નવલકથા ધ્યાન ખેંચે છે.

### (૩) પન્નાલાલ પટેલ કૃત 'પડઘા અને પડછાયા' (૧૯૬૦)

પન્નાલાલ પટેલે ઘણી જ અખબારી નવલકથાઓનું સર્જન કર્યું છે. પન્નાલાલનું આ પ્રકારનું સર્જન લોકપ્રિયતા અને સાહિત્યિકતા વચ્ચેનું ગણી શકાય. તેમણે રચેલી નવલકથાઓમાંથી ઘણી નવલકથાઓ અખબારી ધારાવાહિક નવલકથાઓ બની છે.

પન્નાલાલે નવલકથા સર્જન કરતાં 'વળાંમણાં' (૧૯૪૦), 'મળેલાં જીવ' (૧૯૪૧), 'માનવીની ભવાઈ' (૧૯૪૭), 'ભાંગ્યાનાં ભેરૂં' (૧૯૫૭), 'ઘમ્મર વલોણું' (૧૯૬૮), 'ના છૂટકે' (૧૯૫૫), 'ફકીરો' (૧૯૫૫), 'મીણ માટીના માનવી' (૧૯૬૬), 'કંકુ' (૧૯૭૦), 'અજવાળી રાત અમાસની' (૧૯૧૭), 'પડઘા અને પડછાયા' (૧૯૩૦) વગેરે જેવી નવલકથાઓ રચી છે.

પ્રથમ 'જન્મભૂમિ પ્રવાસી'માં હપ્તાથી ચાલુ નવલકથા તરીકે પ્રગટ થયેલી. પન્નાલાલ પટેલની 'પડઘા - પડછાયા' સામાજિક નવલકથા તેના લેખકની ઘણી પુરોગામી નવલકથાઓની માફક પ્રણયકથા છે. અખબારી નવલકથા માટે મોટેભાગે પ્રણયકથાઓ ઘણી જ સફળ થઈ છે, તેથી જ્યારે 'પ્રણયકથા'નું વિચારબીજ વિસ્તારીત થાય છે ત્યારે તેની અસર હેઠળ વાચકો આવી જતાં હોય છે.

વસ્તુ દષ્ટિએ વિચારતાં આ નવલકથામાં પ્રણયકથાના બે ભાગ પડી જાય છે. એક આગલી પેઢીને સ્પર્શે છે, બીજો નવી પેઢીને તે વખતની પેઢીના કથા નાયકના પિતા અને નાયિકાની માતાનો સુધી ન પહોંચી શકેલો પ્રણય કથામાં પ્રસ્તુત નથી એટલે ભૂતકાળની ઘટના તરીકે સરલાબેનના હૈયામાં કયારેક કયારેક સ્મૃતિ ક્ષોભ જગાવતી ઘટના તરીકે તેનું યથાવશ્યક સૂચન જ કથામાં કરવામાં આવ્યું છે. અખબારી નવલકથાને ધ્યાનમાં રાખી આ કથા ત્રણ રીતે પ્રયોજન આપે છે. (૧) કથનાત્મક (૨) દશ્યાત્મક (૩) ચિત્રાત્મક.

નવલકથામાં આ ત્રણેય લક્ષણો ભારોભાર પડેલાં છે.

નાયક નાયિકાની પિતૃ પેઢીને સ્પર્શતો પ્રણયકથાનો એ પૂર્વ ભાગ કથામાં સૂચિત જ રહે છે. અને પીઠ ઝબકાર તરીકે સરલાબેનના અંતરની મથામણ તથા એમનો ભૂતકાળ અને જીવન કરૂણા રજૂ કરતી વેદના વાર્તાકાર એનો ઉલ્લેખ કરે છે. કથાની પ્રત્યક્ષ રંગભૂમિ પર તો વણિક પુત્રી - ઉમા અને ડ્રાઈવરી કરતા તાલુકાદાર પુત્ર કિશોરના પ્રણયનું નાટક, પ્રણયના આરંભથી માંડી આ પ્રકારનાં પ્રણયને નડતાં વિઘ્નોથી એની ઉત્કટતા વધારી એના સુખદ અંત સુધી ભજવાય છે.

અખબારી નવલકથા લખવાની સભાનતાને કારણે પન્નાલાલ તેમાં વિઘ્નો, સમસ્યાઓ, મુશ્કેલીઓ, અવરોધકો ઊભાં કરે છે, જેનાથી વાચનરસ જળવાઈ રહે છે.

અલબત્ત સામાજિક વાસ્તવિકતાઓ એમની નવલકથામાં પૃષ્ઠ ભૂમાં હોય છે. એમનું લક્ષ્ય છે માનવીનાં મનની સંકુલતાને પાવાનું.

પિતૃ પેઢીના જ પડઘા અને પડછાયા લેખક સંતાન પેઢીમાં બતાવે તો છે પણ જમાનો આગળ વધ્યો છે. એનું ય ચિત્ર એમને આપવાનું તો છે જ. તેથી સરલાબેને પિતાએ તેમને પરણાવ્યાં તેમ પરણી લીધેલું એમ ઉમા કરતી નથી, એ તો કિશોર સાથે જ જોડાવા મક્કમ રહે છે, એમ તેમણે બતાવ્યું છે.

સરલાબેનનો વિરોધ પણ કિશોરના રજપૂતપણા સામે નથી એ રીતે એના પિતાશ્રી કરતાં એ જમાનાના પ્રમાણે આગળ છે પણ એ મામુલી ડ્રાઈવર છે એટલા માટે છે. કેમ કે જ્ઞાતિ પરથી વાત શેઠ અને નોકરના સામાજિક દરજ્જા પર આવી છે. એ ડ્રાઈવર ગામધણી વજેસિંહનો પુત્ર છે એ જાણ થતાં એ વિરોધ સાવ છૂ થઈ જાય છે.

તેમણે પોતાની નવલકથાઓમાં રચનારીતિના પ્રયોગો કરવા તરફ લક્ષ ન હોવા છતાં પાત્રના વિચાર અને લાગણીના આંતરદ્વન્દ્વનું એમણે ઘણી કુશળતાથી નિરૂપણ કર્યું છે.

વાર્તાતત્વની તપાસ કરતા કથામાં એ પૂરતા પ્રમાણમાં છે. કિશોરની ડ્રાઈવરીના આરંભથી થતી કથાની શરૂઆત, એ સાથે જ શરૂ થતી ઉમા - કિશોરના પ્રણયની કથા. નાના મોટા પ્રત્યાઘાતો વચ્ચે નાયક - નાયિકામાં અંતરની ગડમથલો અને તેને વ્યકત કરતાં બાહ્ય વર્તન સાથે આગળ ધપતો એ પ્રણય વચ્ચે આપતી સરલા અને બાબુભાઈના વર્તમાન સંબંધ અને તેની ભૂમિકારૂપ સરલાના પૂર્વજીવનની પ્રણયની કથા, ચિત્રા અને તેની ફોઈનાં પાત્રો દ્વારા નાયક નાયિકાના પ્રણયને થતો મોટો અવરોધ આ બધું પન્નાલાલની વસ્તુ સંકલન સૂઝ વાર્તાકૌશલના પુરાવારૂપ બની રહે છે.

કલાત્મક અભિવ્યકિત અને સહજ, સાદું, સમકાલીન કથાવસ્તુથી તેમણે સિદ્ધિ મેળવી છે.

અનંતરાય રાવળ લખે છે કે - “.....તેમ છતાં કથાવસ્તુમાં ઘણું બધું વાર્તાકારે ધંધાદારી કારીગરીથી ગોઠવાયેલું જણાય એવું, એટલે કે પહેલો પતિભાવ જેની સ્વાભાવિકતાને શંકવાનો થાય એવું, પણ છે.”[૧૧]

આ કારણે આ નવલકથા શ્રી પન્નાલાલની વધુ સાહસિક અને સ્વાભાવિક વસ્તુવાળી લાગતી. બીજી કથા એને મુકાબલે પાછી પડતી લાગે તો લાગે. ‘મળેલા જીવ’ અને ‘માનવીની ભવાઈ’નો સ્વાદ જેમની દાઢમાં હશે તેવા પન્નાલાલના પ્રશંસકોને આ કથા બેઉકથાઓને મુકાબલે ફીક્કી લાગવાની. પરંતુ કોઈ કલાકારનાં બધાં સર્જન એનાં આગલા યશોદાયી સર્જનનાં જેવાં જ થવાં

જોઈએ એવું ઓછું જ છે ?

'પડઘા અને પડછાયા' દરેક રીતે ઘસાઈ ગયેલા એક રાજવીના પુત્ર અને શહેરની શ્રીમંત કન્યા વચ્ચેનાં પ્રણયની પરિણય કથા છે.

આ નવલકથાથી એવું સાબિત થાય છે કે એણે કોઈ નવો વિક્રમ અહીં સ્થાપ્યો ન ગણાય, પણ જૂની સિદ્ધિ તો એ જાળવી જ રાખે છે એટલું કહેવું પડશે. એ સિદ્ધિ ય એવી છે, જે આ બે ભાગમાં વહેંચાયેલી નવલકથાને એ વરસમાં પ્રગટ થયેલી નવલકથાઓ કરતાં આગળ મૂકાવે.

ધારાવાહિક નવલકથાની તમામ ખૂબીઓ અહીં પ્રસ્તુત છે.

ઉમા અને કિશોરને અનુરાગ બનાવ્યા પછી વાર્તાકારે એમના પ્રણયની ઉત્તરોત્તર થતી રહેતી વૃદ્ધિની સાથો સાથ એને તાબે અને આડે આવે એવાં જે વિઘ્નો ગોઠવ્યાં છે, તેમાં ધારાવાહિની સફળતા છે.

પન્નાલાલ કહે છે - "ગમે તેમ પણ મને મારા સર્જનકાર્યમાં શ્રદ્ધા છે - કદાચ અંધશ્રદ્ધા પણ હોઈ શકે કે મારો પરંપરાગત કથાઓ અને લખેલું લખ્યું વાળી પૌરાણિક નવલકથાઓ આગળ જતાં પરંપરામાંથી અપરંપાર બની પણ રહે."[૧૨]

એક સમયે વાચકો ધારાવાહિકરૂપે નવલકથા વાંચવાનું ખાસ પસંદ કરતા આજે એ રૂચિમાં બદલાવ આવ્યો છે. પણ પન્નાલાલ જે સમયે થઈ ગયા તે સમયે આ પદ્ધતિ ખાસ ઉપયોગમાં લેવાતી અને મોટા ગજાના સર્જકો પણ આ અખબારી ધારાવાહી નવલકથાનું મૂલ્યાંકન કરતા હતા. આજે સળંગ નવલકથા વાંચવાનો અવકાશ નથી. માટે ધારાવાહી સ્વરૂપની નવલકથા વાંચવાનો ક્રેઝ વધ્યો હોય એ બનવાજોગ છે. પન્નાલાલનું સર્જન એક આગવી ભાત પાડતું ગુજરાતી સાહિત્યમાં પ્રવેશ્યું છે. અને એમને પણ અહીં ઝંપલાવ્યું. મોટાભાગે અખબારી - ધારાવાહી નવલકથા પ્રણયકથાઓમાં ખાસ સફળ થાય છે પણ પન્નાલાલના સમયે સમાજ બેઠો થયો હતો. અહીં એ સમાજને ચોક્કસ ઢાંચામાં ઢાળવાનો પ્રયાસ થતો હતો. પન્નાલાલની આ નવલકથા પણ સામાજિક છે. આ નવલકથામાં લેખક એક બાબત સારી રીતે ઉઠાવ આપી શકયા છે કે આપણા રૂઢિગ્રસ્ત સમાજ જીવનના અનેક પડનું અવલોકન લેખક સૂક્ષ્મતા અને સમભાવથી કરી શકયા છે. આ કથા લેખકના અનેકવિધ અનુભવની પ્રતીતિ કરાવે છે. ચિત્રો ઉઠાવવાની શક્તિ ઊંચા પ્રકારની છે. ભાષાની લક્ષણો ઉપર એમની લેખણીનો અસાધારણ કાબૂ છે અને પ્રાદેશિકતાનો પ્રયોગ પણ

અહીં ભારોભાર જોઈ શકાય છે.

### ૫.૪ ઈશ્વર પેટલીકર કૃત 'જનમટીપ'

ઈશ્વર પેટલીકર એક જાણીતા નવલકથાકાર છે, તેમણે અનેક નવલકથાઓની રચના કરીને ગુજરાતી સાહિત્યને પોતાનું કૌવત બતાવ્યું છે. ઈશ્વર પેટલીકર એટલે 'જનમટીપ' એવું કહેનારા ઘણા વિવેચકો અને વાચકો છે. આ પેટલીકરે આશાવાદી નવલકથાઓ પણ રચી છે.

ઈશ્વર પેટલીકરને 'જનમટીપ' (૧૯૪૪), 'લખ્યા લેખ' (૧૯૪૫), 'ધરતીનો અવતાર' (૧૯૪૬), 'કંકુને કન્યા' (૧૯૪૬), 'પંખીનો માળો' (૧૯૪૮), 'કળિયુગ' (૧૯૪૮), 'કાજળ કોટડી' (૧૯૪૯), 'મારી હૈયાસગડી' (૧૯૫૦), 'મધલાળ' (૧૯૫૦), 'ભવસાગર' (૧૯૫૧), 'આશાપંખી' (૧૯૫૩), 'તરણા ઓથે ડુંગર' (૧૯૫૪), 'કલ્પવૃક્ષ' (૧૯૫૬), 'શકુંતલા' (૧૯૫૭), 'પ્રેમપંથ' (૧૯૫૯), 'યુગનાં એંધાણ' (૧૯૬૧), 'ઋણાનુબંધ' (૧૯૬૩), 'જય પરાજય' (૧૯૬૩), 'લાક્ષાગૃહ' (૧૯૬૫), 'જૂજવાંરૂપ' (૧૯૬૭), નવલકથાઓ રચી છે.

'જનમટીપ'ના લેખક ઈશ્વર પેટલીકર ગુજરાતના ચરોતર વિસ્તારના ગામડામાંથી આવ્યા હતા. તેમની આ નવલકથા મહીકાંઠાના પ્રદેશનું કથાવસ્તુ છે.

''આ 'જનમટીપ' કૃતિને ગુજરાતી સાહિત્ય દુનિયા સત્કારે કે ઉવેખે પણ જે કોઈ એના વાચનની અસર હેઠળ આવશે તે એને ભૂલી નહિ શકે.''[૧૩]

'જનમટીપ' પ્રેમ, સાહસ અને વેર અદાવતના લાલ, પીળો અને વાદળી મૂળ રંગ..... જેવા માનવ મનના મધ્યકાલીન ભાવોની ગ્રામ સમાજની કથા. માનવ મનનો ચિતાર આપતી આ નવલકથામાં પ્રણયથી માંડીને દામ્પત્ય જીવન, સમાજ સમસ્યા જેવા મુદ્દાઓ વણી લેવામાં આવ્યા છે.

હીરાબહેન પાઠક લખે છે કે - ''ઈશ્વર પેટલીકરનાં લેખક તરીકેનાં બે પાસાં છે :

(૧) તટસ્થ ચિંતક અને સુધારકની સમાજ કલ્યાણની ભાવનાથી તેમણે ગામડું અવલોક્યું.

(૨) સર્જકની હેસિયતથી તેમણે ગામડાંનાં ઈષ્ટાનિષ્ટ પરિબળોનું નિરૂપણ કર્યું.''[૧૪]

'જનમટીપ' નવલકથામાં પ્રેમ, સાહસ અને વેર અદાવતના રંગો ભળ્યા છે. તેની પાત્રસૃષ્ટિ

નોખી છે.

આખી કથાનું કાલફલક છે પૂરા એક વર્ષનું ‘એક ઓતરા - ચીતરાના બાજરીવાઢ તાપ’ની મોસમથી સામા વર્ષના તેવા જ કપરા તાપ ગાળા લગીનું સંતાપ ઘટનાઓ લગીનું. એ ટૂંકાગાળામાં ચંદાના જીવનમાં કંઈ કંઈ અણધારી ઘટનાઓ ઘટે છે તેનું નિરૂપણ છે.

ગુજરાતના મહીકાંઠાના ખેડૂ ઠાકરડાની પછાત નીચલી પાટણવાડીયા કોમથી ઓળખાય છે, જે ગુનેગાર કોમ લેખે સરકારી દફતરોમાં નોંધાઈ હતી, તેની કથા અહીં રજૂ થઈ છે.

ચંદાના ચમકદાર ચરિત્ર ચિત્રણ નિમિત્તે પેટલીકરે ગ્રામ સૃષ્ટિની શૈક્ષણિક, કાયદા કાનૂની, આર્થિક સામાજિક વગેરે સ્થિતિનું યથાર્થ સહજ દર્શન કરાવ્યું છે. કથા નાયિકા ચંદા છે, એ કોમની સાહસ શૂર પરાક્રમી યુવતી છે. ચંદાનું પરાક્રમ ભૌતિક તેમજ ચૈતસિક - વાસ્તવિક અને આત્મિક બેઉ પ્રકારનું છે. હીરાબહેન પાઠક લખે છે કે - ‘‘ચંદા અકળ વિધાતાની કરામતરૂપ આત્મ પ્રતીતિ અને આત્મ ગૌરવની પેદાશ છે. સ્ત્રીના આત્મ ગૌરવનું એ એવું કલા પ્રગલ્ભ દર્શન છે, જેમાં તે પોતાની આંતરિક ચેતનાને અનુસરી શ્રેષ્ઠ પ્રેમને સ્વેચ્છાએ પરખી વિરલ શ્રેયને વરે છે.’’[૧૫]

ચંદાનું આ ગૌરવ, અભિમાન, સહનશકિત જોઈને લેખકનો અહોભાવ છલકી ઉઠે છે. ‘‘આવી બાઈ હશે ખરી ? કયા જુસ્સા ઉપર જીવતી હશે ? એની નસોમાં કયું લોહી વહેતું હશે ? એના દેહને ટટ્ટાર રાખનારો આત્મા કેવો હશે ?’’

ચંદાની આસપાસનાં નાનાં મોટાં તમામ પાત્રો સુરેખ છાપની સુંદર છબીઓ છે. લેખકે કથાવસ્તુના તાંતણાં ગૂંથવામાં સારી કરકસરપૂર્વકની સૂઝ દાખવેલી છે. ભીમાની તુલનાએ પિતા દેવાની તમામે તમામ જીવન રેખાઓ પ્રબળ છે, જાણે લેખક ચંદાને યોગ્ય પરિવેશમાં મઢવા માટે જ, એક બાજુ તેના સમર્થ પિતા રયજીનું પાત્ર રેખાંકિત કર્યું છે. બીજી બાજુ શ્વસુર પક્ષે દઢ સખત દેવાને રેખાંકિત કર્યો છે.

સમાજ ચિંતક પેટલીકરની ગહન કોઠાસૂઝ કથાનકની ઘટના નિરૂપણમાં કે માત્ર પ્રગટીકરણમાં આડી અવળી ગયા વિના, માફકસરનું ખપજોગું જ સર્જવામાં સારી ફાવટ ધરાવે છે. વાસ્તવિક જીવનની અસંગતિઓ અને અનિષ્ટો વિશેનાં અકટાક્ષ સવિનોદ વિપુલ નિરીક્ષણો મંતવ્યો પણ આ સત્ય વિશેની કોઠાસૂઝને આભારી છે.

‘‘કાલથી ડાભીની દીકરી મારી વાહેચની વહુ થઈશ પછી તારૂં પાણી એ જ મારૂં. હું તારામાં

સમાઈ જઈશ. પણ મેં કહી તે શરતે - મારો સ્વભાવ દોરડી બળે પણ વળ ન મૂકે એ માટીમાંથી ઘડાયો છે.''[૧૬]

આવું બયાન કોઈ અદનો સર્જક જ નિપજાવી શકે. ચિંતક અને સર્જક પેટલીકરનો અક્ષર વૈભવ બનીને 'જનમટીપ' જન્મી છે. ખુદ લેખકને પોતાને ય એ લાડકી કૃતિ છે. ગાંધીયુગે જીવનધર્મનો મહિમા ગાયો. જનમટીપની ચંદા એ જ સનાતન માનવ ધર્મને પોતાના સર્વસ્વથી બનાવ્યો. એટલે જ જીવનવીર ચંદાએ જનમટીપમાં અને જનમટીપએ પેટલીકરની અન્ય નવલ કથાઓમાં ચૂડામણિને સ્થાને છે, એવું હીરાબહેનનું માનવું છે.

રઘુવીર ચૌધરીનું મંતવ્ય જોઈએ - ''પેટલીકર જાહેરમાં સ્વીકારે છે કે એમને વાર્તાનો વિષય સમાજ આપે છે, સમાજમાં જીવતી વ્યકિત આપે છે. વસ્તુસંકલના એમની પોતાની હોય છે. કયારેક એ પ્રશ્નનો ઉકેલ સૂચવે છે, કયારેક નિદાન કરીને અટકે છે, બંને પધ્ધિતની નોંધપાત્ર કથાઓ એમણે આપી છે.''[૧૭]

ટૂંકમાં એક અખબારી ધારાવાહિક તરીકેનું આ નવલકથાનું પ્રગટીકરણ તેને અનેક નામનાઓ અપાવે છે.

કોઈપણ નવલકથાકાર માત્ર વાર્તા કહેતો નથી. વાર્તાની સાથે સાથે જે સ્થળ, જે સમય, જે માનવીઓની વાતો આવે છે તે જીવંત થઈ રહે એ રીતે એ બધાંની માંડણી કરવામાં આવે છે. ઘણી વખત સર્જક દસ્તાવેજી વિગતો પણ ખપમાં લે છે અને કરવા છતાં પણ લેખક એક પ્રતિભા તરીકે ભાવકની નજર સમક્ષ ઉપસ્થિત રહેતો હોય છે. કેમકે એણે જે પાયો ઉભો કર્યો છે જે સ્થળ પરિવેશ ઊભો કર્યો છે તે કંઈ નંઈ તોય અસામાન્ય તો લાગે જ છે. ઈશ્વર પેટલીકર આ રીતે અહીં સમાજ સુધારક લેખક તરીકે ગુજરાતી સાહિત્યમાં પ્રસિદ્ધ છે. તે સૌ કોઈ જાણે છે. પરંતુ તેમ છતાં એક પ્રણય કથાની સાથે સમાજનું દર્શન કરાવતી આ નવલકથા સર્જકતા તરફ અહોભાવ જગાડે છે.

એમનાં સમયનાં સમાજ - માનવી અને એની માનસિકતા પણ અહીં બરાબર તેઓ ઉપસાવી શકયા છે. નવલકથાની માંડણી જ એવી રીતે કરે છે તળપદો પરિવેશ અને ગ્રામ્ય વાતાવરણ આપણને જુદી જ દુનિયાની સફર કરાવે છે. આ નવલકથા ધારાવાહીરૂપે રજૂ થઈ ત્યારે ભાવક હંમેશા વિચારતો કે હવે ચંદા શું કરશે અથવા એનું શું થશે અથવા લેખક હવે કયો ખૂણો બતાવશે

એવી ઈન્તેજારી રહેતી. એક નારીની કથા તરીકે ખૂબ જ પ્રસિદ્ધ થયેલી આ કથા આજે પણ એટલી જ લોકપ્રિય છે.

### ૫.૫ ચંદ્રકાંત બક્ષી કૃત 'પ્રિયનીકી' (૧૯૮૭)

ચંદ્રકાંત બક્ષી એક વિદ્રોહી લેખક અને બિન્ધાસ્ત નવલકથાકાર તરીકે પંકાયા હતા. તેમનો મિજાજ જ તેમને અદના નવલકથાકાર બનાવે છે. ચંદ્રકાંત બક્ષી કહે છે કે - ''દર રવિવારે મારી નવલકથા જગતના દશ ટકા ગુજરાતીઓ સુધી પહોંચે છે. ગુજરાતીમાં સ્તરીય લોકપ્રિયતામાં મારી કક્ષાના પાંચ નવલકથાકારો પણ નથી એ હકીકત છે. ''[૧૮]

ચંદ્રકાંત બક્ષીની 'આકાર', 'પેરેલિસિસ' જેવી નવલકથાઓએ ગુજરાતી સાહિત્યમાં ઘણું નામ અંકિત કર્યું છે.

'પ્રિયનીકી' (૧૯૮૭) ચંદ્રકાંત બક્ષીની ૨૩ મી નવલકથા હતી. કથાકાર અને ઈતિહાસકાર બક્ષી એક પત્રકાર પણ હતા. તેમના લેખન સાહિત્ય માટે તેમનું એ પાસું કદાચ વિશેષ જવાબદાર છે. આ નવલકથા 'અભિયાન' નામના સામાયિકમાં અને ત્યારબાદ મુંબઈના 'સમકાલીન'માં પ્રગટ થઈ હતી. આ નવલકથામાં જુદી જ કથા જણાઈ છે.

'પ્રિયનીકી' ત્રણ પાત્રોનાં મિલન - જુદાઈની નાટ્યાત્મક કથા છે. ત્રણ પાત્રો છે - રૂપ શાહ, પુત્રી ધરતી ઊર્ફે નીકી અને પત્ની તક્ષશિલા. પ્રસાદ બ્રહ્મભટ્ટ લખે છે કે - ''નવલકથાનું શીર્ષક જેના નામ પરથી આપવામાં આવ્યું છે તે નીકી કૃતિના કેન્દ્રમાં છે.''[૧૯]

કથા શરૂ થાય છે રૂપ શાહના પંચાવનમાં જન્મદિવસથી. પત્ની તક્ષશિલા છ વર્ષ પૂર્વે છૂટાછેડા લઈ ઈંગ્લેન્ડ ચાલી ગઈ છે. સત્તાવીસ વર્ષની એક માત્ર પુત્રી નીકી છે જે મોટી કંપનીમાં એકઝીકયુટીવ છે. તેના લગ્નનું કયાંય ગોઠવાતું નથી આથી રૂપ ચિંતિત છે.

પ્રમાણમાં ધારાવાહિક નવલકથાને પોષાય તેવો કથાભૂમિ અહીં લેખકે પસંદ કર્યો. ત્રણ પાત્રોની સંબંધ કથા અનુકૂળ આવે છે.

નીકી રૂપ શાહને લંડન લઈ જવાનો પ્લાન કરે છે, ત્યાં મમ્મી તક્ષશિલાથી મિલન થાય તેવો તેનો હેતુ છે. તક્ષશિલા અને જેરી પટેલ લંડનમાં પાસ - પાસે રહે છે, તેમની વચ્ચે સંબંધ પણ છે. ભારતીય વાચકને અને એમાંય વળી ગુજરાતી વાચકને લંડનની વાતો રોમાચિંત કરે છે, તેથી કથા

જામતી જાય છે.

"છ વર્ષમાં રૂપ શાહ ના કોઈને ચાહી શકયો હતો, ના તક્ષશિલા કોઈ પુરૂષને પરણી શકી હતી. આ ઘટના પણ વાચકને હેરાન કરે છે, એવું રહસ્ય જાણવા માટે વાચક કથામાં ઊંડો ઊતરતો જાય છે."

"નીકી રજસ નામના છોકરાને જુએ છે. બંને એકબીજાને પસંદ કરે છે અને અઠવાડિયામાં તો તેમનાં લગ્ન પણ થઈ જાય છે." આવી આકસ્મિક ઘટનાઓથી લેખકે કૃતિની ઘટનાની વળાંક રેખાઓ અંકિત કરી છે. અહીં આધુનિકતા નજરે પડે છે.

આધુનિક વિચારસરણી જોઈ શકાય છે. તક્ષશિલા નીકીને કહે છે - "પ્રયત્ન કર્યા છતાં પણ જો ન ફાવતું હોય તો બંનેએ પોતપોતાની રીતે જીવવું.... અલગ અલગ છૂટાં છૂટાં.... એ વધારે સારૂં છે."[૨૦]

આધુનિક પાત્રોની આધુનિક વિચારધારા અને આધુનિક જીંદગીની કથા વાચક સમક્ષ રજૂ કરે છે.

પતિ - પત્ની જુદાં થયાં ત્યારે પુત્રી નીકી એકવીસ વર્ષની હતી, એટલે કે ખૂબ નાની ન હતી, પણ દુનિયાદારીનો તેનો અનુભવ સીમિત હતો, સમજદારી ઓછી હતી. હવે તે વધુ સમજણી થઈ છે અને તેથી પપ્પા-મમ્મી પુનઃ ભેગા થાય, નિકટ આવે એવો સભાન પ્રયત્ન કરે છે. તેના પ્રયત્નમાં તે સફળ થાય છે. તે રજસ સાથે પરણીને ન્યૂર્યોક ચાલી જાય છે. પછી રૂપ તક્ષશિલા મુંબઈ આવે છે ત્યાં કૃતિ પુરી થાય છે.

કથાને, પાત્રોને અને ઘટનાઓને ગતિશીલ રાખવાની લેખકની આવડત અહીં જોઈ શકાય છે.

પ્રસાદ બ્રહ્મભટ્ટ લખે છે કે - "એક અર્થમાં જોઈએ તો આ ભ્રમણ કથા છે..... આ ભ્રમણ કથા છે તેથી લેખકે પ્રવાસ અંગે ઠીક ઠીક માહિતી પણ આપી છે. કૃતિમાં લંડન અને આસપાસનાં સ્થળોનાં વિગતપ્રચુર વર્ણનો પણ આવે છે."[૨૧]

ભૌતિક સ્થાનો - વસ્તુઓમાં જ્યારે ચેતનાત્મક સંવેદના ભળે છે ત્યારે કથાની વસ્તુ સાચી રીતે ઉજાગર થાય છે. -તક્ષશિલાના આ ઉદ્‌ગારો જુઓ :

"ઇન્ડિયામાં તો ઋષિકેશમાં ગંગા જુઓ કે બનારસમાં ગંગા જુઓ કે તેજપુર પાસે બ્રહ્મપુત્રા જુઓ કે બદ્રીનાથમાં હિમાલય જુઓ... તો પાગલ થઈ જાઓ. આપણાં મંદિરો આપણા મહેલો

સામે આ લોકોનું તો કચરા જેવું લાગે. પણ રૂપ, આપણે બહુ ગંદા લોકો છીએ. ભગવાનનું ઘર પણ આપણે સ્વચ્છ રાખી શકતાં નથી, માટે આ લોકો જીતી જાય છે.''[૨૨]

દેશ - પરદેશની તુલનાનું ઘટક, માત્ર સ્થળોમાં નહીં પણ સંબંધોમાં પણ જણાય છે, તેથી કથામાં જીજ્ઞાસા - આતુરતા ભળે છે.

સંવાદોમાં વ્યંગ્ય અને કટાક્ષની શૈલી ઘણી કારગત નીવડે છે. એક સ્થળે રજસ કહે છે - ''ગાંધીજીના બાવલા હિન્દુસ્તાનમાં પણ તે ઘણાં જોયાં હશે. પણ ત્યાં કાગડા બહુ બેસી જાય છે, નહીં ? અહીં કાગડા બગાડતા નથી. બધું સાફ સાફ રાખવામાં આવે છે.''

આવાં કથા ઘટકો પ્રયોજાતાં રહે છે. હાસ્ય - વ્યંગ્ય કટાક્ષની સાથે સાથે રોમાંસ પણ જોવા મળે છે.

બક્ષીની ભાષા શૈલી મહદઅંશે રોમેન્ટિક પ્રકારની છે : ''પણ લગભગ ડૂબી ચૂકેલા સૂર્યનો છેલ્લો કેસરી તડકો હજી ઝિલમિલાતો હતો અને નીકીના વાળ પર, ગાલ પર એની મુખરેખાનાં પ્રોફાઈલ પર પડતો હતો.''[૨૩]

આવી ગદ્યશૈલી અલંકારિક છે, પણ પ્રમાણમાં હળવી લાગે તેવી છે.

આ નવલકથા 'અભિયાન'માં પ્રગટ થઈ હતી. ત્યારે લેખકની શૈલીથી વાચકો તો પરિચિત જ હતા. તેથી 'સમકાલીન'માં પણ ચાલી ગઈ હતી.

નવલકથામાં ચિંતનાત્મક વિચારો વ્યકત કરવાનો અને તેમને ધારદાર, પાણીદાર સુક્તિઓમાં મુકવાનો પણ લેખકને ખાસ શોખ લાગે છે.

★ ''ચોપનમે વર્ષે આશા અને ઈચ્છા એક બની જાય છે.''[૨૪]

★ ''ઈર્ષા, સ્પર્ધા, જીજ્ઞાસા, સંતોષ, ઉદાસીનતા જેવાં પંચમહાભૂતોનો બૂઢાપો બનેલો હોય છે.''[૨૫]

★ ''પૈસા છઠ્ઠી ઈન્દ્રીય છે એને લીધે પાંચ ઈન્દ્રીય સરસ ચાલે છે.''[૨૬]

આવાં ઉદાહરણો ધારાવાહિકને દઢ કરે છે, એમાં કોઈ બે-મત નથી.

''મારી નવલકથાઓ મારી કલકત્તાની દુકાનના કાઉન્ટર પર લખાઈ હતી. હું વ્યવસ્થિત ગુજરાતી પણ ભણ્યો નથી. મારો જીવનનો અનુભવ સુખી ગુજરાતીનો નથી. મારી ભાષા પણ સાફ નથી.

મને વ્યાકરણ આવડતું નથી.''[૨૭]

ટૂંકમાં આ નવલકથા બની છે.

સુરેશ જોષીની સામે છેડે જઈને જેમણે કહેલું કે ઘટના વિના તો હું લખી જ ના શકું. એ પ્રકારનું વલણ ધરાવતા આ વિદ્રોહી નવલકથાકાર બક્ષી બધાથી ઉફરા ચાલ્યા ને કોઈની પરવા પણ ન કરી. દુનિયાનો ઘણો બધો અનુભવનો નિચોડ આ નવલકથામાં તેમણે ઠાલવ્યો છે. અચાનક બનતી ઘટનાઓની ભરમાર ઉભી કરીને રોમાંચક બનાવવાનો પ્રયત્ન બક્ષીએ આ નવલકથા દરમ્યાન કર્યો છે. ગુજરાતી નવલકથાએ જે સ્થિત્યાંતરો હાંસલ કર્યા છે એમાં ખાસ કરીને પદ્ધતિઓનું અને શૈલી - રીતિઓનું અપાર વૈવિધ્ય છે અને એ દષ્ટિએ આપણું સાહિત્ય વિકાસશીલ અને પ્રયોગશીલ રહેલું છે. એમાં નવલકથાએ પણ જે હાંસલ કર્યું છે એમાં બક્ષીની નવલકથાઓનો ફાળો નોંધપાત્ર છે. એમની આ નવલકથા એ રીતે આજ સુધીની નવલકથામાં અલગ તરી આવતી કથા છે. એવું કહેવાય છે કે યુગસંદર્ભ, તેનાં પરિબળો અને તત્કાલીન લોકમાનસ લોકપ્રિયતા માટે જવાબદાર છે. પણ એના મૂળ કારણમાં તો સાહિત્યકારના વ્યક્તિત્વ અને સર્જકતા જ રહેલાં છે. એ નોંધનીય ઘટના છે. એ વાતની પ્રતિતી બક્ષીની આ નવલકથામાં થાય છે. સર્જકતાની દષ્ટિએ બક્ષીની આ નવલકથા એના અન્ય ઘટકતત્વો સાથે એમની સ્વકીય પ્રતિભાની નીપજ છે. પણ એની પછવાડે એમનું ઘડનાર પ્રેરકબળ પણ એટલું જ જવાબદાર છે.

### ૫.૬ હરીન્દ્ર દવે કૃત 'વસિયત'

'વસિયત' હરીન્દ્ર દવેની ધારાવાહિક નવલકથા છે. 'જન્મભૂમિ'માં પ્રગટ થયેલી અને ઘણી વખણાયેલી આ નવલકથાને ધારાવાહિક નવલકથાનું સીમાચિહ્ન ગણીએ તો પણ કશો વાંધો નથી. કારણ આ કથા માત્ર કથા નથી પણ વાસ્તવિક ઘટના પણ છે.

પંજાબની ઉત્તેજનાપૂર્ણ વિક્ષુબ્ધ કરી શકે તેવી તત્કાલીન ઈચ્છાઓને વણી લઈ તેને વ્યાપક માનવીય પરિપ્રેક્ષ્યમાં મૂકી આપી છે. ઘટનાનું યથાર્થ મૂલ્યાંકન કરવું અને કૃતિને માત્ર દસ્તાવેજી કથા બનતી અટકાવવી એ કપરૂં કામ તેમણે કર્યું છે. પ્રસાદ બ્રહ્મભટ્ટ લખે છે કે ''હરીન્દ્રે એકતાનો ઉપદેશ આપવા આ પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે કે એકત્વભાવે સહજભાવે સૂચવાઈ જાય છે.''[૨૮]

માનવતાને કેન્દ્રમાં રાખીને બનાવેલી આ નવલકથામાં અનેક ઉતાર ચઢાવ જોઈ શકાય છે.

કૃતિમાં શીખ - હિન્દુ - મુસ્લીમ એકતાનો ઉદ્દેશ્ય ન બની જાય એ રીતે તેને આધારે એક રહસ્યસભર, રોમાંચક પ્રેમકથાનું નિર્માણ કરવું એ એક મોટો પડકાર ગણી શકાય.

કૃતિમાં પંજાબની સમકાલીન અશાંત પરિસ્થિતિના નિર્દેશો સાંપડે છે છતાં તે સાંપ્રત સ્ત્રોતોનો દસ્તાવેજી આલેખ નથી.

કૃતિમાં આલેખીત પાત્રો, પ્રસંગો, પરિસ્થિતિઓનું ધારક બળ તેમને પરસ્પર સાંધનાર સૂત્ર વસિયત છે. ડો. દિવાકર પંડિત અને મિસિસ મોહિની પંડિતનાં વસિયતનામામાંથી શરૂ થયેલી કથા તે બંનેના વારસદારો પૃથ્વીસિંહ અને શેફાલીની વસિયત આગળ પુરી થાય છે.

અખબારી ધારાવાહિક નવલકથામાં તણાવ ઘણો ઉપયોગી નિવડી શકે છે, તેનો બોલતો પુરાવો આ કથામાં પ્રસ્તુત છે.

સમગ્ર કૃતિમાં જે મહત્ત્વની ઘટનાઓ ઘટે છે તે બધી એક યા બીજી રીતે આ વસિયત સાથે સંકળાયેલી છે. એ સંદર્ભમાં કૃતિનું શીર્ષક અનુચિત સાર્થક છે. 'વસિયત'ને કેન્દ્રમાં રાખીને રચાયેલી આ કૃતિ રહસ્ય પણ ઊભું કરે છે.

બેંગ્લોરના નામાંકિત ડૉ. પંડિતનું મૃત્યુ થતાં તેમની વસિયતના સંદર્ભમાં મુંબઈની હોસ્ટેલમાં રહેતી અને મેડીકલ કોલેજમાં અભ્યાસ કરતી શેફાલીને ટ્રંક કોલ દ્વારા બોલાવવામાં આવે છે એ ઘટનાથી કૃતિનો આરંભ થાય છે.

સામાન્ય રીતે ધારાવાહિક નવલકથામાં વાચકોને જકડી રાખવા, ઉત્સુક રાખવા સસ્પેન્સનું તત્વ ઉમેરવામાં આવે છે.

અહીં આ સંદર્ભમાં ડૉ. પંડિતના પત્ની મોહિનીને પણ જયપુરથી બોલાવવાનો પ્રયત્ન થાય છે, પરંતુ ત્યાંથી એવા સમાચાર આવે છે કે એજ રાત્રે એમનું ખૂન થયું છે. આ ખૂન એનું રહસ્ય બની ગયું છે, એનો લાભ કથાને ઘણો જ થાય છે.

મોહિનીના વીલની મોટી રકમ લુધિયાણાની હોસ્ટેલમાં રહી વકીલાતનું ભણતા સરદાર પૃથ્વીસિંહને મળે છે. તે શેફાલીના પરિચયમાં આવે છે. લેખકનું કથા આયોજન દાદ માંગી લે તેવું જણાય છે. કથામાં મોટી મિલકતના વારસદારો પૃથ્વીસિંહ અને શેફાલી બન્યા છે, કાયદાની આંટીઘૂંટી શરૂ થાય છે. આંટીઘૂંટીમાં કથાનો પ્રવાહ એટલી સરસ રીતે ચાલ્યા કરે છે કે, લેખકને કશો જ પ્રયત્ન કરવો પડતો નથી. શેફાલીનું પાત્ર પણ સહજ શૈલીનું જ પરિણામ છે. તેથી જ તે

એક જગ્યાએ શેફાલી "મારે મુંબઈ જઈ મારું ભણતર ચાલુ રાખવું છે. ડૉકટર થઈ સૌની સેવા કરવી છે. ડૉકટર અંકલનો એ એકમાત્ર વારસો મને પૂરતો છે. બીજા કોઈ વારસા માટેના ઝઘડામાં મારે ઉતરવું નથી."[૨૯]

કથામાં ઊભું થતું ટેન્શન કથાને નવો રોમાંચ આપે છે.

પૃથ્વી પણ તેના સોલિસિટર અમીન સાહેબને કહે છે - "આ વસિયતે મારા વ્યકિતત્વને ભાંગી નાખ્યું છે. મારે બેઠા થવું છે. મારા પોતાના બાવડાના બળે બે પૈસા કમાવા છે. મારે મારી પોતાની આવક પર જીવવું છે."[૩૦]

ઈમાનદારી, અધિકાર, ફરજ, સ્વીકૃતિ, સત્ય, પ્રેમ અને સાહસને વરેલાં પાત્રોને માણવાની વાચકને મજા પડે છે.

લગ્નગ્રંથિથી જોડાયા પછી પૃથ્વી અને શેફાલી વીલ કરે છે એ પરથી સ્પષ્ટ થાય છે કે તેઓ મિલકતના ભૂખ્યા નથી. તેઓ કરોડો રૂપિયાની મિલકતમાંથી માત્ર એક સો એક રૂપિયા સ્વીકારી બાકીની રકમનું ટ્રસ્ટ કરી દે છે.

લેખક આ કથામાં ઘણી જગ્યાએ 'મોરલ સાયન્સ'ના પાઠ ભણાવે છે. તેનાથી વાચકને સેવા, દાન, પ્રેમનો સંદેશ મોકલી શકાયો છે.

ડૉ. દિવાકર અને મોહિની પંડિતના વીલથી ઉદ્ભવેલો ગૂંચવાડો તેમના વારસદારો શેફાલી અને પૃથ્વીસિંહના વીલથી શમી જાય છે. આ રીતે કૃતિનો અંત અને આરંભ એક જ મિલકતનાં બે ભિન્ન ભિન્ન વસિયતનામા સાથે થાય છે. 'વસિયત' એ રોમાંચ, સાહસ, સંબંધ, રહસ્ય, પ્રાપ્તિ, સફળતા, સત્ય, સેવા અને શાંતિનું પ્રતીક બની જાય છે.

આ કૃતિના કેન્દ્રમાં હિન્દુ શીખ કોમો વચ્ચેનું વૈમનસ્ય પંજાબ સમસ્યાના કેન્દ્રમાં છે. લેખકે આ કૃતિ દ્વારા તેના ઉકેલનો દિશાનિર્દેશ કર્યો છે. આવો પ્રયાસ લેખકને લેખક રહેવા દેતો નથી પણ તેને 'સુધારક'ની ઉપાધિ અપાવે છે.

કૃતિની પ્રસ્તાવનામાં લેખકે લખ્યું છે કે - "આ નવલકથાનું પ્રથમ પ્રકરણ લખ્યું ત્યારે હું તેત્રીસ અઠવાડિયાં પછી છેલ્લું પ્રકરણ લખી રહ્યો હતો ત્યારે પણ શીખ, હિન્દુ, મુસ્લિમ એકતાનો ઉપદેશ કરતી કોઈ કથા લખવાનો મારો કોઈ આશય ન હતો. પરંતુ શેફાલી પૃથ્વી અને ખાનચાચા જેવાં પાત્રો દ્વારા સહજભાવે જ આ આદર્શ ઉત્ક્રાંત થયો છે."[૩૧]

'મૂલ્યો અને સાહિત્ય' પરત્વેની લેખકની સભાનતાને કારણે અખબારી નવલકથામાં એક સત્ય ઉમેરાઈ જાય છે. આ સત્યને કારણે ધારાવાહિક માત્ર રહસ્ય - ખૂન - સેક્સ છે એ મહેણું ઓછું થાય છે. પૃથ્વીના પિતા કરતારસિંહ ત્રાસવાદી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે, તેથી ત્રાસવાદની વિગતો આવે છે, પણ સાથે સાથે ત્રાસવાદ - સંવાદવાદને સ્થાપવાની લેખકની નેમ કથાને સત્વશીલ બનાવે છે, એમાં કોઈ બેમત નથી. 'વસિયત' પ્રેમ અને દ્વેષ જેવી સંકુલ લાગણીઓના ટકરાવની અનોખી ભાતીગળ કથા છે. વસિયત આના કારણે જ ધારાવાહિકોમાં નામ મેળવી શકી છે. કૃતિમાં પ્રણય સંઘર્ષ છે. મોહિની જેવી સુંદર યુવતીને પામવા મથતા બે પુરૂષો કરતારસિંહ અને સુખવિન્દર વચ્ચેનો સંઘર્ષ છે. કૃતિમાં શેફાલી - પૃથ્વીના પ્રણયમાં ડૉ. ઉમેશ મિશ્ર આવે છે તે પણ શેફાલીને મેળવવા ઈચ્છે છે આવા કથાનક વાળી આ કથા સાચે જ આદર્શ ધારાવાહિને અધિકારી છે.

અખબારી નવલકથા કે ધારાવાહી નવલકથામાં મોટાભાગે વાસ્તવિકતા પૃષ્ઠભૂમિ પર કલ્પનાનો મદાર રાખે છે પણ કયારેક એવું બને છે કે વાસ્તવમાં બનેલી ઘટનાને જ યથાતથા અંકિત કરીને સમાજનું એક પાસું બતાવવાનો પ્રયત્ન થતો હોય છે. હરીન્દ્ર દવે પત્રકાર હોવાની સાથે એક સારા નવલકથા સર્જક છે. એમની નવલોને એમની કવિત્વ શક્તિનો પણ લાભ મળ્યો છે. હરીન્દ્રમાં કલા અને કસબનો ગજબનો  સંગમ જોઈ શકાય છે અને તેથી સર્જકતાના વ્યાપ અને  કલાની બાબતે હરીન્દ્ર દયાના પાત્ર છે અને તેથી તેમને બહોળો વાચક વર્ગ પ્રાપ્ત થયો છે અને સમાજમાં તથા પોતાના ક્ષેત્રમાં પણ ખાસ્સા લોકપ્રિય થયા છે. વાસ્તવિકતાની ભોંય પર રચાયેલી આ નવલકથામાં પાત્રો અને વિષય વસ્તુ તથા ભાષા પરનો કાબુ અદ્વિતિય છે. આ નવલકથામાં હરીન્દ્ર દવેએ ખાસ કરીને કથાતત્વ પર જ ધ્યાન આપ્યું છે અને સામાન્યજનને નજર સમક્ષ રાખી આ કથા આલેખી છે. એટલે એક રીતે એમ પણ કહી શકાય કે સ્વરૂપ રચનાના વ્યાખ્યાવાદક માળખાને તેમણે ઉવેખ્યું છે. અહીં એમણે સંવાદ પાત્રો, સ્થળ વર્ણન, પ્રસંગ કથન આદિમાં જે શૈલી અપનાવી છે તે ભાવકને જકડવામાં ખાસી સફળ થયેલી જોઈ શકાય છે. એમણે અહીં જીવન મૂલ્યોની પ્રતિષ્ઠા કરવાનો સબળ પ્રયત્ન કર્યો છે એ જોઈ શકાશે.

### ૫.૭ રઘુવીર ચૌધરી કૃત 'અંતર'

રઘુવીર ચૌધરી એક સિદ્ધહસ્ત નવલકથાકાર છે. ગુજરાતી સાહિત્યમાં તેમની 'અમૃતા,' 'ગોકુળ

- મથુરા - દ્વારકા', 'વેણુ વત્સલા', 'ઉપરવાસ', 'અંતરવાસ', અને 'સહવાસ' 'પૂર્વરાગ' 'એક રૂપ કથા' જેવી નવલકથાઓ પ્રચલિત છે. નવલકથાના અનુભવ વિશે તે જણાવે છે કે - ''અનુભવની સામગ્રીનું કલાત્મક રૂપાંતર થવું જોઈએ મને એ શક્ય લાગતું નથી, જરૂરી પણ લાગતું નથી. જો મૂળ અનુભવનું પગેરૂં સંપૂર્ણ ભૂંસાઈ જાય તો જેને વિશે અને જેને માટે લખીએ છીએ એ બાદ થઈ જાય, ઉપેક્ષિત અને ઉદાસીન થઈ જાય.''[૩૨]

પોતાના અનુભવના સંયોજનથી સિદ્ધહસ્ત નવલ કથાકાર રઘુવીર ચૌધરી ધારાવાહીકરૂપે લખાયેલ નવલકથા 'અંતર'માં બીજા સંધિકાળવેળા પતિ - પત્ની વચ્ચે ઉદ્‌ભવતા અંતરને વ્યક્ત કરી, તે અંતર દૂર કરવાની દિશા ચીંધે છે. પ્રણય કથાની આડશમાં લેખક ઘણું બધું સિદ્ધ કરવાની કોશિશ કરે છે. આ કથામાં એક તીરથી અનેક પંખીને પાડવાની રીતિ જોઈ શકાય છે.

કથાનાયક કેવલ અને નાયિકા નયનતારા વચ્ચે જ્ઞાતિનું જ નહીં સંસ્કાર, સ્વભાવ વગેરે અનેક બાબતોનું અંતર છે જે નયનતારાની માસીયાઈ બહેન ગરિમાની ઉપસ્થિતિથી ગેરસમજમાં પરિણમે છે. સંબંધ - પ્રેમ - સમાજ - ઘર - કુટુંબ વગેરેની વચ્ચે અથડાતી કૂટાતી આ કથા છેલ્લે પ્રણયના દ્વારે આવીને અટકી જાય છે.

કથામાં વધતા જતા અંતરને કોઈ પરિણામ આપવા નયનતારા વિદેશ પ્રવાસે નિકળી ભૌતિક અંતર ખડું કરે છે. પણ એ ભૌતિક અંતર પતિ - પત્નીના પેલા માનસિક અંતરને મીટાવવાનું કામ કરે છે.

ધારાવાહિક નવલકથામાં આ વસ્તુ જરૂરી છે. કારણ કે સામે વાંચનાર જે છે તે કોઈને કોઈ પતિ છે, પત્ની છે, યુવાન છે, યુવતી છે એમને સ્પર્શતો પ્રશ્ન જે કોઈ લઈ આવે તેને તેઓ વાંચતાં જ હોય છે. આ કથામાં આ જ રજૂઆત છે.

નવલકથામાં પ્રણય ત્રિકોણ જેવું છે પણ પરંપરાગત નવલકથા જેવો પ્રણય ત્રિકોણ નથી. છતાં આ ઘટક ધારાવાહિકનું માનીતું છે એમાં કોઈ શંકા નથી.

નવલકથામાં ત્રણ ત્રિકોણ છે.-

(૧) પહેલો ત્રિકોણ કેવલ - નયનતારા - ગરિમાનો છે.

(૨) બીજો ત્રિકોણ ગરિમા - કેવલ - કનુભાઈનો છે.

(૩) ત્રીજો ત્રિકોણ નંદ - કેવલ - નયનતારાનો છે.

લેખક આડકતરી રીતે ધારાવાહિકો જે સ્વીકાર્યું છે તે લખે છે - ''રહસ્યકથાઓ અને ગુનાખોરીના લેખકો મહિને બે પુસ્તકો આપી કરોડો વાચકોનું મનોરંજન કરે છે. એમાં લેખક - વાચક બેઉનો સમય બગડે છે એવું કહ્યા વિના અનાસક્ત મનોદશાથી લેખન - વાંચનમાં રત રહેવું ઘટારત છે.''[33]

નવલકથાનાં ત્રણે મુખ્ય પાત્રો શિક્ષિત અને બૌદ્ધિક છે તથા કેવલ - ગરિમા તો તત્વજ્ઞાનના અભ્યાસીઓ છે. આવાં પાત્રોને કારણે સ્વાભાવિક રીતે જ નવલકથામાં બૌદ્ધિકતા, ચિંતનાત્મકતા જોવા મળે છે.

રઘુવીર ચૌધરી ધારાવાહિકોને ધિક્કારે છે, એવું નથી, જો એવું હોત તો એમણે 'અંતર'ને ધારાવાહિક બનાવી જ ન હોત. લેખકે ધારાવાહિકને પકડીને નવલકથાની સંપૂર્ણતાનો જ પુરસ્કાર કર્યો છે. 'અંતર'માં લેખકે મુખ્ય પાત્ર એ પ્રકારનું પસંદ કર્યું છે કે તે દ્વારા તેઓ તેમના શિક્ષણ, ખેતી તથા અન્ય વિષયો પરના વિચારો મોકળાશથી વ્યકત કરી શકયા છે. ધારાવાહિક અખબારી નવલકથામાં ઘણો અવકાશ રહેતો હોય છે. કથાને વિસ્તારવાની સાથે સાથે પાત્રોને મન મુજબ આકાર આપવાનો અવકાશ રહે છે, તેથી જ પ્રસંગ દર પ્રસંગનું નિરૂપણ કરીને લેખક નિરાંતે કથા ગોઠવે છે. જેમ કે અહીં કનુભાઈ - ગરિમાનું લગ્ન પ્રતીતિ કરે છે કે નહીં એ જુદો પ્રશ્ન છે. બાકી તેને પ્રતીતિકર બનાવવા લેખકે પૂરેપૂરા પ્રયત્ન કર્યા છે.

બીજો મહત્ત્વનો મુદ્દો એ છે કે પ્રણય - લગ્ન - મૃત્યુ - ખૂન - ચોરી - વિચ્છેદ જેવી મહત્વની ઘટનાઓનું નિરૂપણ આ ક્ષેત્રે મહત્ત્વની કડીઓ પૂરવાર થાય છે. આ કડીઓ એટલી બધી આંતર સંબંધવાળી છે કે તે મહત્ત્વની છે. લગ્નને પ્રતીતિકર બનાવવામાં લેખકનાં અભિનિવશથી નવલશ્રી મુખ્ય ઘટના વચ્ચે થોડો સમય બાજુ પર રહી જાય છે.

ધારાવાહિ લેખકો કરતાં રઘુવીરની સજ્જતા જુદી છે તેથી તેમણે જ્યારે ધારાવાહીની રચના કરી છે ત્યારે ઘણી મુશ્કેલીઓ આવી છે.''વ્યક્તિના સ્તરે મંડાયેલી આ વાર્તામાં કોઈને કોઈ રીતે સામાજિક સંદર્ભ ઘુસાડવાના લેખકના પ્રયાસોને કારણે કથાની સંરચના થોડી શિથિલ બની છે. ધારાવાહી નવલકથાઓમાં આવી શિથિલતા મહદ્અંશે પ્રવેશી જતી જોવા મળે છે.''[34]

કથા શિથિલ થઈ જાય તે હદે કશુંક ઘૂસાડવાનો પ્રયત્ન કરવામાં આવે તો એ પ્રયત્ન નિષ્ફળ ગણાય.

કૃતિમાં લેખકનું ભાષા પ્રભુત્વ, નિરૂપણની પ્રૌઢિ, કટાક્ષપ્રિયતા, સુક્તિઓ વેરવાની વૃત્તિ વગેરે જોવા મળે છે. પોતાની વિદ્વતા દર્શાવવા માટે નવલકથાકાર પાત્રોનો ઉપયોગ કરે છે. તેમાં ઘણીવાર તો પાત્રોને બદલે લેખક બોલે છે તેથી પાત્ર પોતાના માર્ગ પરથી ભટકી જાય તેવું પણ બને.

“દ્વિતીય સંધિકાળની એક વિશિષ્ટ સમસ્યાને મનોવૈજ્ઞાનિક ભૂમિકાએ, બૌદ્ધિક સ્તરે, સામાજિક સંદર્ભ સહિત વ્યકત કરવાનો લેખકનો પ્રયાસ નોંધપાત્ર હોવા છતાં રઘુવીર ચૌધરી જેવા સમર્થ લેખકને કોઈ મોટા પડકારરૂપ નથી કે નથી તેમની ઉત્તમ નવલકથાઓ કરતાં કોઈ ઊંચું લક્ષ્ય તાકવાની અહીં તેમની મથામણ છે.”[૩૫] ધારાવાહી લખવાની કે એને એ સ્વરૂપે રજૂ કરવાની સામાન્ય સૂઝ તેમનામાં છે ખરી પણ વિશેષ સજ્જતાને તેઓ આ કથામાં ચૂકી ગયા છે.

રઘુવીર ચૌધરીની આ નવલકથાથી તેમની નવલકથાઓની સંખ્યામાં એકનો જરૂર વધારો થયો છે. તેમની ઉત્તમ કૃતિઓમાં વધારો થયો છે એમ અહીં કહી શકાય.ટૂંકમાં રઘુવીર ચૌધરી એક અખબારી નવલકથાકાર તરીકે વિશેષ કહી શકયા નથી તેમાં તેમની કલાત્મક બનવાની સભાનતા જવાબદાર હોઈ શકે છે. આવી કૃતિ ભાવકલક્ષી સભાનતાથી જ રચી શકાય.

રઘુવીર ચૌધરીની નવલકથાઓ જે તે સમયે લોકપ્રિય નીવડેલી ને આજે પણ એટલી જ લોકપ્રિય છે. કુતૂહલ અને વિસ્મયના જમાનામાં રઘુવીર ચૌધરીએ વાસ્તવિક સિદ્ધિઓ હાંસલ કરી છે. લોકમાનસનો અનુભવ, કલ્પનાના અંશો અને વાસ્તવિકતા આ બધાનો સમન્વય સાધીને પોતાની પ્રતિભાના કીમિયાથી રસપ્રદ કૃતિઓનું સર્જન તેઓએ કર્યું છે. ગુજરાતી સાહિત્યમાં વાચનક્ષમ કૃતિઓ તરીકે રઘુવીર ચૌધરીની નવલકથાઓ યાદગાર બની રહે છે. અહીં આ નવલકથાના લેખક એક તરફ પાત્રના આંતર મનની ખોજ આદરે છે તો બીજી તરફ એ સંદર્ભે સામાજિકતાનો પણ વિચાર કરી ચિતાર આપે છે. ધારાવાહી નવલકથાની ધારાને અનુલક્ષીને પણ કંઈક વિશેષતા પ્રણય સંદર્ભે બનાવાઈ છે. પ્રસંગોચિત પાત્રનું વર્તન - વર્ણન અને નાટ્યાત્મકતાની માવજત કરીને સર્જકે નવલકથાને અદકેરી બનાવી છે. એમનું પાત્રલેખન પાસું અહીં ઝળકી ઉઠયું છે. પાત્ર પાત્ર વચ્ચેના પરસ્પરના સંઘર્ષ આલેખન વખતે સર્જન કરતા સ્થળ અને બાહ્ય એવા દશ્ય સંઘર્ષના આલેખનમાં રઘુવીર ચૌધરી જે રીતે ખીલ્યાં છે તેવા જ તેઓ પાત્રોનાં આંતર સંચલનોના આલેખનમાં ઝળકયા છે. પાત્રનું વાસ્તવિક ચિત્ર ઉપસાવીને કથા વેગ આપવામાં તેઓની ભાષા અને શૈલી ખૂબ કામે લગાડે છે ને સફળ પણ થયા છે એ નોંધપાત્ર છે. એમની એકાધિક ધારાવાહી નવલકથાઓ

જોતાં આ જાતની પ્રતીતિ થયા વિના રહેતી નથી. વાચકોને નવલકથાના પ્રવાહમાં જકડી રાખવા માટે પાત્રને કયા ખૂણાથી કઈ તરફ લઈ જવું તે એમને સિદ્ધહસ્ત છે. આમ તો તેમણે પરિચિત પરિવેશનો ઉપયોગ કર્યો છે. પરંતુ અવારનવાર તેઓ એવું કંઈક કરે છે કે પરિચિત પરિવેશનાં ઉપયોગ કર્યો છે પરંતુ એ પરિચિત વાતાવરણ આપણને અપરિચિત લાગે અને સ્થળ બદલાયેલું લાગે. ભાવકને કંઈક જુદી જ સૃષ્ટિ - સર્જકતાનો અનુભવ થાય છે.

**૫.૮ ચિનુ મોદી કૃત 'પહેલા વરસાદનો છાંટો'**

ચીનુ મોદીએ જૂજ અખબારી નવલકથાઓ લખી છે પણ એમનું નામ એટલા માટે નોંધનીય છે કે તેમણે રચેલી અખબારી નવલકથામાં ભરપૂર મસાલો ભર્યો છે. એક સિદ્ધહસ્ત અને શિષ્ટ નવલકથાકાર જ્યારે ધારાવાહી લખે ત્યારે કેવી લખાય ? તેની ચકાસણી માટે તેમની પસંદગી થઈ છે. ચિનુ મોદીએ 'શૈલા મજમુદાર', 'ભાવ-અભાવ,' 'લીલા નાગ,' 'ભાવચક્ર,' 'ગાંધારીની આંખે પાટા', 'પહેલા વરસાદનો છાંટો', 'કાળો અંગ્રેજ', 'ચૂકાદો', 'માણસ હોવાની મને ચીડ' વગેરે નોંધનીય નવલકથાઓ આપી છે.

નિવેદનમાં લેખક લખે છે કે - ''મારે કોલક, વિઠ્ઠલ પંડયા આદિની જમાતમાં નહોતું બેસવું અને 'અમૃતા', 'ફેરો' આદિના સર્જકોની જમાતમાં પણ મારે આ કૃતિ પૂરતા નહોતું ભળવું. મોહમ્મદ માંકડ આદિની જમાતમાં જોડાઈ 'પહેલા વરસાદનો છાંટો' કૃતિ મારે લખવી હતી. અશ્વિની ભટ્ટના વાચકોએ મારી આ કૃતિનું આડિયન્સ અર્થાત ઈપ્સિત વાચકટોળું હતું.''[૩૬]

'પહેલા વરસાદનો છાંટો' નવલકથા 'સમકાલીન'માં ધારાવાહિક તરીકે પ્રગટ થઈ હતી. શીર્ષક પરથી જ લાગે છે કે આ નવલકથા પ્રણય નવલકથા હશે અને છે પણ એમ જ.

લેખકે નવલકથામાં સસ્પેન્સનું તત્વ ઉમેર્યું છે. બોઝ સાહેબ જગમોહન પાસે કશુંક તેમની ઈચ્છા વિરૂદ્ધ કરાવવા માંગે છે અને તે કરવા રાજી નથી એટલું પહેલા પ્રકરણમાં લેખકે સ્પષ્ટ કર્યું છે. આ કઈ બાબત છે એ છેક છેવટનાં પ્રકરણોમાં લેખકે સ્પષ્ટ કર્યું છે.

આ પ્રકારનું આયોજન ધારાવાહી નવલકથા માટે અત્યંત કઠીન છે, સીધી સાદી કથા ધારાવાહીમાં આવી શકતી નથી. આ આયોજનમાં લેખકે - બીજા પ્રકરણને અંતે ભેદી રીતે સુનંદાનું ખૂન થઈ જાય છે, એ ખૂન કોણે અને શા માટે કર્યું એની તો ખુદ લેખકને પોતાને પણ ખબર નથી. આ

ખૂનીની શોધ છેલ્લા પ્રકરણમાં પૂરી થાય છે. રહસ્ય, રહસ્યગૂંચ, રહસ્ય ઉકેલનાં પ્રયત્નો વગેરેની માવજતમાં લેખકે ઘણો બધો ભાગ રજૂ કર્યો છે. પરિણામે અહીં વધુ પડતું સસ્પેન્સ રજૂ થઈ ગયું છે.

નવલકથામાં ત્રણ ખૂન થાય છે (૧) બોઝ સાહેબની પ્રેમીકા નિરજાનું (૨) સુનંદાનું (૩) રેવાનું ખૂન. આ ત્રણ ત્રણ ખૂનના આયોજન પાછળ લેખકનો ઉદેશ્ય માત્ર ને માત્ર સસ્પેન્સ રજૂ કરવાનો છે. શીર્ષક કંઈ જુદુ કહે છે ને કથા કંઈ જુદુ કહે છે. પ્રસાદ બ્રહ્મભટ્ટ લખે છે કે - ''લેખકે 'થીમ'નો વિચાર કર્યા પૂર્વે જ શીર્ષક નક્કી કરી દીધેલું. રોમેન્ટીક ટાઈટલ પસંદ કરીને લેખકે એ તો નિર્ધારિત કરી જ લીધું કે કૃતિમાં રોમાન્સની, સેક્સની, રંગરેલીયા ઉછળવી જોઈએ. એ માટે તેમણે ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલાં પાત્રો વધારે ઉપયુક્ત જણાયાં.''[૩૭]

સેક્સ, વાયોલેન્સ, ધમાચકડી, ઉત્તેજક પ્રસંગો વગેરેને કારણે આ નવલકથા મસાલેદાર બની ગઈ છે. પેટમાં લ્હાય ઊઠે, એટલા મસાલા હોવાથી ભાવકને નુકસાનકર્તા બને છે.

જગમોહનના પાત્રના અપવાદે લેખકે બધાં પાત્રો સહનશીલ, છીછરાં અને મહદઅંશે હીન, લપસણી વૃત્તિઓના શિકાર બનતાં કલ્પ્યાં. સુનંદા જેવા ઉદાત્ત પાત્રને પણ લેખકે પતિત થતું બતાવ્યું. બધાં પાત્રો માટીપગાં, સંજોગોના સકંજામાં સહેલાઈથી સપડાઈ જતાં, સ્વાર્થાંધ અને નીતિમત્તા વિહોણાં દર્શાવાયાં છે.

લેખકનું આ વલણ સાહિત્યિક ન્યાય કે કલાત્મક મૂલ્યને જોખમમાં મૂકે છે. માત્ર ને માત્ર મનોરંજન ખાતર કરવામાં આવેલું આ કાર્ય કોઈ વિશેષ પરિણામ આપતું નથી. સ્ત્રી તો જાણે પુરૂષની જાતીયવૃત્તિઓને સંતોષવાનું સાધન માત્ર હોય એવું નવલકથાનાં સ્ત્રી પાત્રો પરથી લાગે છે. લેખકે એક પણ સ્ત્રી પાત્રને ઉદાત્ત રહેવા દીધું નથી.

ચીનુ મોદી અખબારી નવલકથા લખવામાં વધુ પડતા અખબારી થઈ ગયા છે. તેથી વસ્તુ, નિરૂપણ અને કળા પ્રક્રિયાને નુકસાન થયું છે.

'પહેલા વરસાદનો છાંટો' પ્રણયકથાનું શીર્ષક છે. અહીં ઘણી પ્રણયકથાઓ જણાય છે. (૧) અશેષ અને રેવા (૨) મંજુ - અશેષ (૩) સુનંદા - વિરલ. પરંતુ આ પ્રણયકથાઓ છીછરી અને તકલાદી છે. તેમાં શરીર સંબંધો જ મુખ્ય બની રહે છે, એવું લેખકનું નિરૂપણ વ્યાજબી નથી.

આ નવલકથામાં અહિંસાની જેમ સેક્સ પણ ભરચક પ્રમાણમાં દષ્ટિગોચર થાય છે. સ્ખલનશીલ,

શિથિલ વ્યક્તિઓ દૂષિત વૃત્તિઓને વશ થઈ દુષ્કૃત્યો કરી બેસે છે. જાતીય વૃત્તિનું બળ કેવું દુર્દમય છે એ પણ લેખકને બતાવવું છે. માનવની નિયતિ હંમેશાં કંઈ ખોટું કરવાની જ નથી રહેતી. આનંદ મેળવવાની પણ સીમા હોય છે એને લેખક ચૂકી ગયા છે. અહીં ભાષાનો પ્રયોગ પણ ખટકે તેવો છે-

‘‘શહેરી ગુજરાતી ભાષાનું આ સ્વરૂપ જુઓ - “કેવી રીતે આખીય બનેલી ઘટનાને એ જસ્ટીફાય કરી શકશે ? અશેષનો મેસેજ એ કેવી રીતે કન્વે કરી શકશે ?’’[૩૮]

લેખક ધડાકાબંધ ધારાવાહી લખવાના જોશમાં હોશ ખોઈ બેઠા છે. અને વધુ પડતી અદ્રાવકતા સિદ્ધ થઈ છે.

લેખક પોતે વ્યવસાયિક નવલકથા લખવા પ્રવૃત્ત થયા છે એવી સભાનતા લેખકમાં આવી જાય છે અને નવલકથાના ઉત્તરાર્ધમાં તેઓ કશા છોછ વિના જાતિય વૃત્તિનાં વિગતવાર વર્ણનો કરે છે. આવું છડેચોક વૃત્તિ દર્શન સત્વશીલ ધારાવાહી માટે નુકસાનકર્તા છે.

ચિનુ મોદીએ ધારાવાહીને સમૃદ્ધ નથી કરી પરંતુ નુકસાન જ પહોંચાડયું છે. બીજા લેખકોએ આ વલણ - વ્યવહારમાંથી શીખવા જેવું તો ખરૂં જ.

અહીં નવલકથામાં સુક્તિઓ વેરવિખેર પડેલી છે.

‘‘ભાગ્યે જ કોઈ એવો પુરૂષ હોય છે જે સ્ત્રીને સાંગોપાંગ મેળવવા ઈચ્છતો હોય છે.’’[૩૯]

“જ્ઞાન નહીં, અભિજ્ઞાનનો મહિમા હોય છે.’’[૪૦]

“ફુલની સુગંધ સમજવી જરૂરી નથી. માણવી અનિવાર્ય છે.’’[૪૧]

“એકબીજાની ઈચ્છા રાખવાની પ્રક્રિયા જ્યાં સહજ હોય એવી સંબંધ લીલાને જ પ્રેમ લેખવામાં આવે છે.’’[૪૨]

કથાથી જુદી પડી જતી અને માત્ર જ્ઞાન પ્રદર્શન માટે મૂકાયેલી આ સુક્તિઓ માત્ર સુક્તિઓ જ બની રહે છે.

સપાટી પર જીવતા, નૈતિક મૂલ્યોની અવગણના કરનાર, પૈસાને પરમેશ્વર માનનાર, શારીરિક - જાતીય વૃત્તિજન્ય આનંદને મહત્ત્વ આપી લપસણી, હીનવૃત્તિઓના બહેકાટમાં આવી જનાર પાત્રો નિરૂપ્યાં છે.

ટૂંકમાં, લેખકે ધારાવાહી અખબારી નવલકથા લખવાનો પડકાર એટલી આક્રમકતાથી સિદ્ધ

કરવાનો પ્રયત્ન કર્યો છે કે એ ક્ષેત્રને ધસરકો પડી ગયો છે.

### ૫.૯ જોસેફ મેકવાન કૃત 'મારી પરણેતર'

જોસેફ મેકવાન એક પ્રતિબદ્ધ નવલકથાકાર હતા. નવલકથાના ક્ષેત્રમાં તેમણે ઘણું માતબર પ્રદાન કર્યું છે.

લેખકની પ્રસિદ્ધ નવલકથાઓ જેમાં 'આંગળિયાત' (૧૯૮૬), 'લક્ષ્મણની અગ્નિપરીક્ષા' (૧૯૮૬), 'મારી પરણેતર' (૧૯૮૮), 'દાદાનો દેશ' (૧૯૮૯), 'મનખાની મિરાત' (૧૯૯૨), 'બીજ ત્રીજનાં તેજ' (૧૯૯૫), 'આજન્મ અપરાધી' (૧૯૯૬), 'માવતર' (૧૯૯૬), 'ભીની માટી કોરાં મન' (૧૯૯૮), 'અમર ચાંદલો' (૨૦૦૨), 'દરિયા' (૨૦૦૨), 'અંગવટો' (૨૦૦૩) વગેરે મહત્ત્વની કૃતિઓ છે.

જોસેફ મેકવાનની 'મારી પરણેતર' નવલકથા 'જન્મભૂમિ' 'પ્રવાસી'ની સાપ્તાહિક પૂર્તિમાં હપ્તાવાર પ્રસિદ્ધ થઈ હતી.

'મારી પરણેતર'માં સામાજિક સંત્રાસનું ચિત્રણ છે. એક નારીની પીડા, પ્રેમ અને પરંપરાના વિદ્રોહી માણસનો અહીં પરિચય આપવામાં આવ્યો છે. શોષણ અને અન્યાય સામે એક નારીનો જંગ આલેખાયો છે.

લેખક લખે છે કે- "મારી જાણ અને સમજણમાં 'ગૌરી' એ પહેલી સબળા છે. જેણે છડેચોક પંચની સામે થઈ જઈ એનું પાણી ઉતારી નાખ્યું.''[૪૩]

ગૌરી આ નવલકથાનું મુખ્ય પાત્ર છે. જેનાથી નવલકથામાં નારી ચેતનાને ઉજાગર થતી જોવા મળે છે.

આ ગૌરીએ ખોટીને મનસ્વી પંચીય મજાતના ધાગા વછોડી નાંખ્યા. પંચના કીધે એણે પરાણે નપુંસક પતિના હારે જવું પડયું. પહેલી રાત ભોગવવા આવેલા માતેલા જેઠનું એણે માથું ફોડી નાખ્યું. ને ધરાર પિયર પાછી ચાલી આવી ફરી પંચ એને ગમે ત્યાં ઘરઘાવવા બેઠું એના બાપને ન્યાત બહાર મૂકવા ચીમકી આપી. ને ગૌરી મુકાબલે ચડી ગઈ પંચનો ફેંસલો ફગાવતાં એ પોકાર બોલી : "ઊંચ્ચાંય નં. જવ. એ'ઈઝ રૈશને તમારી છાતીઓ ઉપર્ય મગ દબેશ ઊ જોય. તમે અમારૂં શું બગાડી હકો છો ? ઊઠો બધા ? આ પંચ ન'ઈ નર્યા નેંધણિયાન'પાથિઆ એકઠા થયા છે !

આ કથા 'જોસેફ મેકવાન'ની અંગત અભિવ્યક્તિ પણ બને છે. કહે છે - "મારી અભણ સખીઓએ એમની વિપદાઓમાં પલોટીને મને અઢળક આપ્યું.''[૪૪]

ગૌરી પણ આમાંની છે. ગૌરી તે દાડે પંચના કુકર્મોનો આખો ઈતિહાસ ખોલી નાખ્યો હતો. વીખરાઈ ગયા વિના પંચનો છૂટકો ન હતો રહ્યો. લેખકે પ્રત્યક્ષ રહીને આ બધું માણ્યું છે, જોયું છે, એટલું જ નહીં હૃદયના ઊંડામાં ઊંડા ખૂણેથી સાધ્યું છે, તેથી તે સચોટ કથા બની છે.

આવી ગૌરીને વિષ ગટગટાવું પડયું હતું. એની મરજીથી જે એને વરવા તૈયાર થયો એ બીજા પરગણાનો હતો. જાન લઈને આવી શકે એમ ન હતો. ગૌરી એની સાથે ભાગી જાય - ને એ ભાગી જવા તત્પર પણ થઈ હતી. પરંતુ એના પછીના એના બે ભાઈઓને કોઈ કન્યા ના આપે એ કરારી સમસ્યા ઊભી થતાં એ હારી ગઈ હતી. એક નારીના ભીતરમાં ઝાંખીને એની અસલ સંવેદના - વેદનાને ખેંચી કાઢી ભાષામાં અભિવ્યકત કરવી એ કપરૂં કામ છે.

લેખક લખે છે કે - ''ગૌરી મારી બાળ સખી હતી. કૌટુંબિક સગાઈએ ફોઈ થતી હતી. ત્રણ વરસ મોટી હતી. પણ ઘર - ઘરની રમતને જંગલી કહેતી મારી ભિલ્લુ સુમી મારી બાલવધૂ બનવા તૈયાર ના જ થઈ ત્યારે નવી ચૂંદડી ઓઢી ગૌરી મારી સાથે ચોરીના ફેરા ફરી હતી. પરણી રહ્યા પછી એણે મને હુકમ ફરમાવ્યો હતો.''

"જો રડયા ! મારા બાપા જેમ પૂરી માના ક'યામાં રે'છે એમ આજથી મારા પરણ્યા લેખે તારે મારો એક બોલ નંઈ ટાળવાનો.''[૪૫]

'મારી પરણેતર'નું શીર્ષક જ સૂચવે છે કે તેમાં દામ્પત્ય જીવનની વાત હશે. જોસેફ મેકવાન કથાને ત્રણ સ્તરે ભાવકક્ષ બનાવી શકયા છે.

(૧) ધારાવાહીના સ્તરે

(૨) સમાજકથાના સ્તરે

(૩) અંગત અનુભવની અભિવ્યકિતના સ્તરે.

આ ત્રણે સ્તરો અખબારી નવલકથાની સફળતાના સૂચકો બની જાય છે. વાચકોના પ્રતિભાવો એનો બોલતો પુરાવો છે.

"ગૌરીને હું મારી ના નાખું એવા સંકેતો ધમકીભર્યા પ્રેમાળ પત્રો આવેલા. એ થઈને જ રહ્યું

ત્યારે એક વાચકે લખેલું 'તમને લેખકોને કાતીલ થવાના હેવા ઉપડે છે !' મુંબઈથી એક સન્નારીએ લખેલું : 'સ્ત્રીઓની એક જ્યુરી સમક્ષ તમારી વિરૂદ્ધ ગૌરી હત્યાનો કેસ ચલાવવો જોઈએ !" લેખકની આ નિયતિ છે.''[૪૬]

લેખક ગૌરીમય બની ગયા હતા પણ એક લેખક તરીકે કથાને ન્યાય આપવો જરૂરી હોય છે. "હું જાતિ, વર્ણન, રંગ, ઊંચ - નીચના ભેદોથી પર બનીને માત્ર માણસ બન્યો, સાચો કે ખોટો એ તો મારાં લક્ષણ જ કહેશે." એમ કહેનાર લેખક ન્યાયપ્રિય તો છે જ.

'મારી પરણેતર' કથાનાં ઘટકો એટલાં લોકપ્રિય થયાં કે તેને ત્રણ પ્રકારનાં વાચકો મળતાં (૧) સામાન્ય વાચક (૨) અસામાન્ય વાચક (૩) સરેરાશ વાચક. સામાન્ય વાચક એટલે પ્રણયકથા - સસ્પેન્સ વગેરે વાંચનારો. અસામાન્ય વાચક એટલે સાહિત્ય સૂઝ ધરાવતો વાચક અને સરેરાશ વાચક એટલે આ બન્નેની લાક્ષણિકતાનો સમન્વય જે વાચકમાં હોય છે તે. આમ, એક નવલકથા તરીકે આ કથાએ બધાંને સંતુષ્ટિ આપી છે.

બીજું પરિબળ એ નોંધનીય બને છે કે - 'મારી પરણેતર' ધારાવાહિકની સફળતા મેળવી શકે તેમાં  પ્રણયકથા જ નહીં સમાજકથા અને એક સમાજની સંસ્કૃતિ કથા બની શકી તેમાં પણ પડેલું છે. 'મારી પરણેતર'નું કથાવસ્તુ સીધું, સરળ છે પરંતુ તેનું નિરૂપણ કલાત્મક છે. સામાન્ય કથાવસ્તુ અસામાન્ય એવી કલાસૂઝથી પ્રસ્તુત થયું છે.

લેખક કહે છે - "આ બધી કથાઓનો તાત્પર્ય છે નારી નાભિ કેન્દ્ર છે સ્ત્રી. એક દાયકાના કૂવાના સહવાસે હું કહી શકું કે યત્કિંચિત - યથામતિ હું એમનાં ભીતર ભાળી શકયો છું.''[૪૭]

ટૂંકમાં, 'મારી પરણેતર' નવલકથા ધારાવાહિક અખબારી નવલકથામાં નામાંકિત એવું સ્થાન ધરાવે છે, એમાં કોઈ બેમત નથી.

આધુનિકતાનો ગુજરાતી સાહિત્યમાં પ્રભાવ ઝીલીને લખનારાઓમાં જે સર્જકોની પેઢી દેખાઈ અને સર્જકતા સિદ્ધ કરી એમા જોસેફ મેકવાન વિશિષ્ટ પ્રકારના કથા સર્જક છે. આધુનિકતાની પકડ ઢીલી પડતાં જ આપણા સાહિત્યમાં ત્રણ ધારાઓ સમકાલીન સમયે સાથે ચાલી છે તે નારીવાદી સાહિત્ય, દલિતવાદી સાહિત્ય અને દેશીવાદી સાહિત્ય ત્રણેય પોતાની નિજી કેડી પર સારૂં કાઠું કાઢે છે. જોસેફ મેકવાન દલિત સર્જકમાં બેસે છે. એમની પાસેથી પણ આપણને જે નવલકથાઓ મળે છે એમાંની આ નવલકથામાં સર્જકે બળુકી રીતે સમાજનો દ્વંદ્વ ઉપસાવી આપ્યો છે. જ્ઞાતિની બોલી

અને ભાષા સાથે કામ પૂરું પાડીને સર્જક વિષયવસ્તુની જે રીતે માવજત કરે છે તે જોતાં ભાવકની અપેક્ષા સંતોષાઈ છે. એ નક્કી. ધારાવાહી નવલકથાની આ પરંપરામાં આ નવલકથા પોતાની છૂટછાટને લીધે દયાના પાત્ર બની અને સમાજની આંખના પાટા ખોલવાની હિંમત કરે છે. આ નવલકથામાં સર્જકે જે અવલોકનો અને અનુભૂતિના પાસાં નિરૂપ્યાં છે તે કાબિલે તારીફ છે અને એ જ એની લોકપ્રિયતાને ઝાંખી પડવા દેતાં નથી. અનુભૂતિનું સાંકડું જગતવાળી વાત જોસેફ મેકવાન ખોટી સાબિત કરી શક્યા છે.

*****

# સંદર્ભ સાહિત્ય


(૧) ટોપીવાલા ચંદ્રકાંત, 'ગુ.સા.કોશ' પૃષ્ઠ - ૬૩૧

(૨) સોલંકી કિશોરસિંહ, 'જાનપદી નવલકથા' અં.પ્રા. પૃષ્ઠ - ૭૩

(૩) મેઘાણી ઝવેરચંદ, 'સોરઠ તારાં વહેતાં પાણી' પૃષ્ઠ - ૪

(૪) પાઠક જયંત, 'ઝવેરચંદ મેઘાણી' પૃષ્ઠ - ૯૪

(૫) સંપા બ્રહ્મભટ્ટ અનિરૂદ્ધ, 'ઝવેરચંદ મેઘાણી' પૃષ્ઠ - ૬-૧

(૬) એજન, પૃષ્ઠ - ૨૪

(૭) એજન, પૃષ્ઠ - ૨૭

(૮) એજન, પૃષ્ઠ - ૩૫

(૯) પંચોળી મનુભાઈ, 'સોક્રેટીસ', પૃ.-૪

(૧૦) દિક્ષીત કૃષ્ણવીર, કથા દીપ, પૃષ્ઠ-૬૩

(૧૧) રઘુવીર ચૌધરી, 'પન્નાલાલનું પ્રદાન', પૃષ્ઠ-૧૯૫

(૧૨) પટેલ પન્નાલાલ, 'સર્જકની આંતરકળા', પૃષ્ઠ-૧૨૩

(૧૩) પેટલીકર, 'શીલ અને શબ્દ', પૃષ્ઠ-૧૪૪

(૧૪) પેટલીકર, 'શીલ અને શબ્દ', લે. હીરાબહેન પાઠક, પૃષ્ઠ-૧૩૩

(૧૫) સં. જાડેજા દિલાવરસિંહ પેટલીકર, 'શીલ અને શબ્દ', પૃષ્ઠ-૧૩૪

(૧૬) પેટલીકર, 'જનમટીપ', પૃષ્ઠ-૧૧૦-૧૧૧

(૧૭) પેટલીકર, 'શીલ અને શબ્દ', પૃષ્ઠ-૧૪૮

(૧૮) બક્ષી ચંદ્રકાંત, 'સર્જકની આંતરકથા' પૃષ્ઠ-૧૫૬

(૧૯) બ્રહ્મભટ્ટ પ્રસાદ, 'સાંપ્રત ગુજરાતી નવલકથા', પૃષ્ઠ-૫૪

(૨૦) બક્ષી ચંદ્રકાંત, 'પ્રિયનીકી', પૃષ્ઠ-૯૦

(૨૧) બ્રહ્મભટ્ટ પ્રસાદ, 'સાંપ્રત ગુજરાતી નવલકથા', પૃષ્ઠ-૫૫

(૨૨) બક્ષી ચંદ્રકાન્ત, 'પ્રિયનિકી', પૃષ્ઠ-૧૮૧

(૨૩) એજન, પૃષ્ઠ-૧૪

(૨૪) એજન, પૃષ્ઠ-૨

(૨૫) એજન, પૃષ્ઠ-૬

(૨૬) એજન, પૃષ્ઠ-૩૫

(૨૭) બક્ષી ચંદ્રકાન્ત, 'સર્જકની આંતરકથા', પૃષ્ઠ-૧૬૦

(૨૮) બ્રહ્મભટ્ટ પ્રસાદ, 'ગુ.સાંપ્રત નવલકથા',પૃષ્ઠ-૩૪

(૨૯) દવે હરીન્દ્ર, 'વસિયત', પૃષ્ઠ-૮૧

(૩૦) એજન, પૃ.-૨૩૩

(૩૧) એજન, પૃ.-૩

(૩૨) ચૌધરી રઘુવીર, 'શબ્દ સૃષ્ટિ', પૃ.-૧૩૦

(૩૩) ચૌધરી રઘુવીર, 'શબ્દ સૃષ્ટિ', પૃ.-૧૩૨

(૩૪) બ્રહ્મભટ્ટ પ્રસાદ, 'સાંપ્રત ગુજરાતી નવલકથા', પૃ.-૨૧

(૩૫) એંજન, પૃ.-૨૧

(૩૬) મોદી ચિનુ, 'પહેલાં વરસાદનો છાંટો', પૃ.-૫

(૩૭) બ્રહ્મભટ્ટ પ્રસાદ, 'સાંપ્રત ગુજરાતી નવલકથા', પૃ.-૮૬

(૩૮) મોદી ચિનુ, 'પહેલા વરસાદનો છાંટો', પૃ.-૨૪

(૩૯) એજન, પૃ.-૧૯૧

(૪૦) એજન, પૃ.-૧૦૨

(૪૧) એજન, પૃ.-૧૪૪

(૪૨) એજન, પૃ.-૨૪૭

(૪૩) મેકવાન જોસેફ, 'શબ્દ સૃષ્ટિ', પૃ.-૭૮

(૪૪) 'શબ્દ સૃષ્ટિ', પૃ.-૮૨

(૪૫) 'શબ્દ સૃષ્ટિ', પૃ.-૭૯

(૪૬) એજન, પૃ.-૭૯

(૪૭) 'શબ્દ સૃષ્ટિ', ઓક્ટો.-૨૦૦૭, પૃ.-૮૧